Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ ● અંક : ૭ ● તા. ૯ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૩ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## સાંયરા વિકાસ મંડળ આયોજીત ૧૬મા સાંયરા સ્નેહમિલનની ઝલક



સાંયરા સહિયર દ્વારા રજીસ્ટ્રેશન



મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય



મંચસ્થ શ્રી ભદ્રેશ પટેલ, શ્રી વિનોદ મોમાયા, શ્રી શાંતિલાલ લોડાયા



નવકાર પઠન : રાજુલ પટેલ, રેખા લોડાયા, વૈશાલી ધરમશી



શાનદાર મંચ ઉપર મહાનુભાવો



સ્નેહમિલનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો અને મહેમાનો



પૂ.અનંતયશાશ્રીજીનો સંદેશ અને આશિર્વચન વાંચતા રાજુલબેન



પ્રમુખશ્રી ભદ્રેશ પટેલ દ્વારા આવકાર ઉદ્બોધન



માનદમંત્રી શ્રી કિર્તી ખોના દ્વારા અહવાલ વાંચન



મંચ સંબોધન કરતા સૌ. રાજુલબેન પટેલ



"સાંયરા રત્ન" ખિતાબ સ્વિકારતા જયાબેન અને શાંતિબેન લોડાયા



સૌ. જયાબેન અને શ્રી શાંતિલાલ લોડાયાનું ફુલહારથી અભિવાદન



"સાંયરા રત્ન" શ્રીમતી જયાબેન અને શાંતિલાલ લોડાયા



માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર



શ્રી શાંતિલાલ લોડાયાનું ઉદ્બોધન



"સાંયરા રત્ન" શ્રીમતી માયાબેન અને શ્રી ભરત દનાનીનું સન્માન

# હાર્દિક અભિનંદન

ALL INDIA
38TH RANK
IN CA FINAL



2ND IN
KERALA

**ચિ. વિશાલ ભરત ડાઘા (કોચીન – તેરા)**
**(TRDA0100105)**

**પિતાના પ્રેરણાત્મક પદચિન્હે... માતાના અંતરના આશિષે...**
**ભાઇ બહેનના સ્નેહના સથવારે... બનેવીના હુંફાળા પ્રતિસાદે...**
**લાડકી ભાણેજની મીઠી શુભેચ્છાએ...**

અમારા લાડકા **ચિ. વિશાલ ભરત ડાઘાએ C.A. FINAL** પ્રથમ પ્રયાસે ઉત્તિર્ણ કરી પ્રગતિના સોપાન સર કરેલ છે...

જીવનમાં અમારા વહાલસોયા ચિરંજીવને એવીજ સફળતા મળતી રહે અને તે ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે એવી શુભેચ્છા સાથે...

## શુભ આશિષ

| | |
|---|---|
| **દાદી – દાદા** | : **સ્વ. માતુશ્રી કલાવતીબેન કુંવરજી વેલજી ડાઘા (તેરા)** |
| **નાની – નાના** | : **સ્વ. માતુશ્રી રતનબેન શીવજી(બાબુભાઇ) રાયશી પોલડીયા (રંગપુર)** |
| **માતા – પિતા** | : **અ.સૌ. ભારતી ભરત (C.A.) કુંવરજી વેલજી ડાઘા (કોચીન – તેરા)** |
| **ભાઇ** | : **ચિ. જીગર ભરત ડાઘા (કોચીન – તેરા)** |
| **બહેન – બનેવી** | : **અ.સૌ. કૃપા ડાયમંડ (C.A.) અશોક દંડ (વડાલા – વરાડીયા)** |
| **ભાણેજ** | : **ચિ. અભિજ્ઞા ડાયમંડ દંડ (વડાલા – વરાડીયા)** |

**With Best Compliments from : Shri Bharath Kumar K.**
**Res.:** Flat A–1, Kamadhenu Apartments, Chakkamadam, Cochin – 682 002
**Office:** 8/2362 (H), Gujarati Road, Cochin – 682 002
**Landline :** (0484) 2228711 (Office) / (0484) 2228063 (Res.)
**Mobile :** 93886 10065 | **Email :** bkdagha@gmail.com

**આદ્યતંત્રીઓ**
"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077


**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા


**અંક નં. 07/ 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**


નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## તંત્રી સમીપે : એ જ્ઞાતિ આગેવાનોની શુભનિષ્ઠાને આવકારીએ

'અનંતછાયા'ના વેંચાણ માટે ચેરીટી કમિશ્નરની મંજૂરી માંગતી ટ્રસ્ટીઓની અરજીની તરફેણમાં ચૂકાદો આવ્યો તે સાથે જ્ઞાતિ માટે નવી ગુણાત્મક સ્થિતિ ઊભી થઈ છે.

ઉપરોક્ત ચુકાદામાં અનેક કાનૂની મુદ્દાઓ વિષે નામદાર જોઈંટ ચેરીટી કમિશ્નરે પોતાની રીતે અર્થઘટન કર્યું છે. જેમ સામાન્ય રીતે બનતું હોય છે તેમ નીચલી કોર્ટ દ્વારા હકીકતો અને કાનૂની મુદ્દાઓને અનુલક્ષીને જે ગુણ-દોષ વિચારવામાં આવ્યા હોય તે વિષે ઉપલી કોર્ટો પોતાની સ્વતંત્રરીતે નવેસરથી વિચારણા કરતી હોય છે અને નીચલી કોર્ટનો ચુકાદો તે રીતે માન્ય કે અમાન્ય ઠરતો હોય છે.

આ રીતે ટ્રસ્ટીઓએ વેંચાણ બાબત મંજૂરી લેવા કરેલ અરજીમાં જે જે હકીકતો અને કાનૂની મુદ્દાઓનો આધાર લીધો છે. તે સામે વિરોધકર્તા પક્ષકારોએ કરેલ રજુઆતને ના. હાયકોર્ટ દ્વારા ચકાસવામાં આવશે.

વેંચાણનો વિરોધ કરતા પક્ષકારો આ ચૂકાદાને હાઈકોર્ટમાં પડકારવા પોતે મક્કમ છે તેવા નિર્દેશો હજુ પણ આપી રહ્યા છે, તે જોતાં હાલ તુરંત તો 'અનંત છાયા'નો પ્રશ્ન હજી પણ કેટલાક મહીનાઓ સુધી અધ્ધરતાલ રહેશે.

અલબત, જ્ઞાતિના કેટલાક અગ્રાણીઓ, ખાસ કરીને જેમણે ટ્રસ્ટબોર્ડ અને મહાજનની ૨૦૦૯ની ચૂંટણી વખતે ટ્રસ્ટીઓને સમર્થન આપેલું. તેઓ આ આખી વસ્તુ હાઈકોર્ટમાં આગળ ન વધે તે માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહ્યા છે.

આ માટે તેઓ જ્ઞાતિના અન્ય અગ્રાણીઓ, ટ્રસ્ટીઓ અને વિરોધ કરનાઓ જ નહીં ડેવલપરને પણ વિશ્વાસમાં લઈ હકારાત્મક પરિણામ લાવવા પ્રયત્ન કરી રહ્યા છે તે વિશેષ નોંધપાત્ર છે.

આ સંબંધમાં ટ્રસ્ટીઓએ છેલ્લા કેટલાક વખતથી જે ભૂમિકા લીધી છે તે અનુસાર ચૂકાદો ગમે તેની તરફેણમાં આવે તે પછી પણ આખી વાતને હકારાત્મક વળાંક આપવા ઉત્સુક આગેવાનો અને અન્યો સાથે ખુલ્લા મને સાથે બેસીને નીવેડો લાવવાના પ્રયત્નોમાં પોતે સહયોગ આપશે તે હકીકત પણ શુભ સંકેતો આપે છે.

જ્ઞાતિને એક મોટા વિવાદમાંથી ઉગારવા પ્રયત્નશીલ આગેવાનોનું કામ સહેલું તો નથી જ, પણ સૌ સંબંધિતો સકારાત્મક અભિગમ રાખશે તો તે અશક્ય પણ નથી. આ અગ્રાણીઓની સંનિષ્ઠાને બીરદાવવાની સાથે તેમના પ્રયત્નો જ્ઞાતિ માટે એક દીર્ઘગામી આશાવાદનો ઉઘાડ કરશે એવી શ્રધ્ધા રાખીએ. **- રા.**

### અગત્યની સુચના

પ્ર.સ.ના જાહેરખબર દાતાઓને વિનંતી છે કે જેમના પણ જા.ખ.બીલ બાકી હોય તેમણે તુરંત મુંબઈ કાર્યાલયે CDO Prakash Samikshaના નામે એટ પાર બેંક ચેક/ડ્રાફ્ટથી મોકલી આપવા. જેથી હિસાબો સમયસર પુરા કરવા સરળતા રહે.

***જ્ઞાતિનું આઠમું વસતીપત્રક ફાઈનલ થવાની તૈયારીમાં છે. કોઈ કારણસર આપશ્રી, કે આપના પરિવાર કે ઓળખીતા સંબંધિતના વસતીપત્રક માટેનું કૌટુંબિક માહિતી ફોર્મ ભરાઈને ન મોકલાયું હોય તો તે આજેજ ભરીને મુલુન્ડ (વે), મુંબઈ કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે. સંપર્ક : ફોન ૦૯૯૨૦૮૫૫૨૫૯***

# સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ **૨૦ કોલમ** ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિ:શુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દ્રષ્ટિએ એમાં વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ પરિચય ઉપરથી આપની **પસંદગીનો ક્રમાંક જણાવી** અમને આપના સંતાનનો **બાયોડેટા** મોકલો. અમે એ વિગત તે ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. (જરૂર પડ્યે આ પાનાની જેરોક્સ કરાવી લેવી.)

| ક્ર. | **માહિતી પત્રક** | ૪૬૭ | ૪૬૮ | ૪૬૯ | ૪૭૦ | ૪૭૧ | ૪૭૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૨ | નુખ/અટક/ઓળખ | નાગડા | ધરમશી | નાગડા | ધરમશી | સાયલા | લોડાયા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૩૦-૧૨-૮૧ | ૧૧-૩-૮૭ | ૨૩-૪-૮૭ | ૧૬-૧-૮૭ | ૧૬-૧-૮૨ | ૨-૭-૮૬ |
| ૫. | વય (વર્ષ) | ૩૧ | ૨૫ | ૨૫ | ૨૫ | ૩૧ | ૨૭ |
| ૬. | ઉંચાઈ (સે.મી.) | ૬'-૫" | ૧૬૦ | ૧૭૫ | ૫'-૪" | ૧૭૮ | ૫'-૨" |
| ૭. | વજન (કી. ગ્રા.) | ૬૦ | ૬૦ | ૫૫ | ૪૦ | ૬૭ | ૫૫ |
| ૮. | વર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| ૯. | શિક્ષણ / અભ્યાસ | S.S.C. | B.Com. | M.Com. | J.O.C.(Gradu) | B.E. (Mech) | 12+D.Ed. |
| ૧૦. | નોકરી / ધંધો | ધંધો | નોકરી | નોકરી | ધંધો | ધંધો | મહેંદી,બ્યુટીપાર્લર |
| ૧૧. | હાલ ગામ | મલકાપુર | મુંબઈ | ગોરેગામ | બેલગામ | મુંબઈ | મુંબઈ |
| ૧૨. | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩. | માસિક આવક (રૂા.) | ૧૫,૦૦૦/- | ૧૮,૦૦૦/- | ૨૮,૦૦૦/- | ૭,૦૦૦/- | ૫૦,૦૦૦/- | - |
| ૧૪. | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | અવર | અવર | વિધવા |
| ૧૫. | કુંડલીમાં માનો છો? | હા | હા | હા | હા | ના | ના |
| ૧૬. | મંગળ / શનિ છે? | નથી | નથી | મંગળ | નથી | નથી | નથી |
| ૧૭. | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮. | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯. | તમારી પાત્ર અંગે પસંદગી / અપેક્ષા | મિલનસાર | સંસ્કારી મિલનસાર | સુશીલ, સંસ્કારી ભણેલી | સુશીલ, મિલનસાર, સંસ્કારી | મિલનસાર, સુશિક્ષિત | મિલનસાર, યોગ્ય પાત્ર |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | બહારગામ ચાલે | અધ્યાત્મિકતા | મિલનસાર | સરળ,પરિવારપ્રેમી બહારગામ ચાલે | પરિવારપ્રેમી | પતિ અવસાન પામ્યા. સાથે નાની બાળકી છે. |

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ____________________ ઉમેદવારનું નામ : ____________________

સરનામું : ____________________________________________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ.ના કુટુંબ ક્રમાંક : ____________________ સહી : ____________________

# પરબ શક્તિ સંજીવની સોસાયટી

રજી. કાર્યાલય : જયંતવિલા, હીંગવાલા લેન, કોર્નર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-400077.

**પરબ સહર્ષ રજુ કરે છે...**

**આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે જ્ઞાતિ બહેનો માટે ઉપયોગી કાર્યક્રમ**

## THE VISION 2013 – 'કાર્યેષુ મંત્રી'....

**દિવસ : તા.૮-૩-૧૩ સવારે ૧૨.૪૫ થી સાંજે ૭.૦૦ સુધી**

**સ્થળ : શ્રી નારાણજી શામજી મહાજનવાડી, માટુંગા, મુંબઈ – ૪૦૦ ૦૧૯.**

**અતિથીવિશેષ : 'ભારત જ્યોતિ' ડો. યોગિની વેરશી મૈશેરી**

**M.D. Medicine & Chest, Ph.D. Applied Biology & Jainology**

**કાર્યક્રમ ઝલક : સ્વયં સંરક્ષણ તાલીમ, પેઇન મેનેજમેન્ટ, અવયવ દાન, લાઇફ ઇઝ બ્યુટીફુલ, કલ આજ ઔર કલ...**

**1) Self Defence, 2) Pain Management, 3) Organs Donation**
**4) Life is Beautiful, 5) Kal Aaj Aur Kal**
**6) Kitchen Garden (City Farming)**

આજના દોડધામ અને ટેન્શનમાં જમાનામાં અલર્ટ, સ્વાસ્થ્ય માટેની જાગૃતી, સ્વબચાવ માટેની કાર્યશાળા, દરેક દુખાવા માટેની સમજ-ઉપચાર, જીંદગીના આ અમુલ્ય વરસોને સુંદર ઉપયોગી બનાવવા માટે હસતા-રમતા જ્ઞાનવર્ધક રમત-ગમત, જનરેશન ગેપની સમસ્યાઓ...

મમ્મી-પપ્પા સાથે વડીલોની જવાબદારીઓ, ઘરની નાનકડી જગ્યામાં સ્વાસ્થ્ય માટે ઉપયોગી બગીચો અને એવું ઘણું બધું... આ સર્વ જાણવા-માણવા આજેજ રજીસ્ટ્રેશન કરાવો. વહેલો તે પહેલોના ધોરણે **'પરબ'**ના ટ્રસ્ટીઓનો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવશો.

(કાર્યક્રમ બાદ : સંભારણું (ભેટ) વિતરણ અને ચા પાણી અલ્પાહાર રહેશે.)

**રજીસ્ટ્રેશન / પુછપરછ**

**જયશ્રીબેન દંડ-૯૮૯૨૨૧૫૫૬૦ • દમયંતીબેન લોડાયા • ઈંદીરાબેન વિકમશી**
**મધુરીબેન લાપસીયા • કાશ્મિરાબેન લુઠીયા • મીનાબેન શાહ-૯૮૨૦૫૬૬૩૦૬**
**તરલાબેન ધુલ્લા • પારૂલબેન મોતા-૯૩૨૨૨૮૦૫૨૯ • દત્તાબેન ખીમજી**
**પુષ્પાબેન ખોના-૯૩૨૨૨૬૨૫૨૧ • ચંદનબેન મોમાયા • મધુરીબેન લોડાયા**
**લીનાબેન કાયાણી • મીરાબેન મોમાયા-૦૨૨-૨૭૬૬૦૨૬૩**

**આવો, મહિલા સશક્તિકરણનો ઉપયોગી કાર્યક્રમ માણીએ...**

**નોંધ :** તા.૩-૪ એપ્રીલ ૨૦૧૩ બુધવાર-ગુરુવારના અનંતછાયા પટાંગણ, ઘાટકોપર (ઇ)માં **પરબ સંચાલિત શ્રી લખલક્ષ્મી લુઠીયા જન સહાયક ફંડ** પ્રેરીત અનાજ તથા મસાલા વિતરણ તથા ઘરે બનાવેલી ખાસ સામગ્રીનું વેચાણ ગોઠવેલ છે. બહેનોને નિઃશુલ્ક સ્ટોલ આપવામાં આવશે.

## ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી અને ડુમરાના
## ક.દ.ઓ. પોલડીયા પરિવારો અને તેની નિયાણી બહેનો જોગ (ગોરંગબાલુડો)

કચ્છ ધણીયાણી, કુળદેવી મા આશાપુરા માતાની ચતુર્થ પહેડી રવિવાર **તા.૨૪-૨-૨૦૧૩ના** શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (અનંતસિધ્ધિ) ભાંડુપમાં યોજાયેલ છે. પહેડી પ્રસાદ અને ભક્તિનો લાભ લેવા ઉપરોક્ત છ એ છ ગામના **પોલડીયા પરિવારો અને નિયાણીઓને** સહકુટુંબ પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ. સૌને સમયસર પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ : શેઠ નરશી નાથા સભાગૃહ (એ.સી. હૉલ), ભાંડુપ (વે) સમય : સવારે ૯ થી ૩**

સૌ ભાવિકોએ મધુબન ગાર્ડન, LBS માર્ગ, ભાંડુપ (વે) પાસે ૮.૩૦ વાગે એકત્ર થવાનું છે. ત્યાંથી ૯ કલાકે પૂ. માતાજીને વાજતે ગાજતે શોભાયાત્રારૂપે અનંતસિધ્ધિ આવશું. જ્યાં સ્વાગત થશે. ૧૦ વાગે પૂ. માતાજીની છબીની સ્થાપના થશે. સવારે ૧૦ થી ૧૧માં ભક્તિગીતોની રમઝટ અને રાસ ગરબા, સવારે ૧૦.૩૦ કલાકે પૂ.માતાજીને નૈવેદ થાળ ધરાશે અને મહાઆરતી સાથે સહયોગીદાતા પરિવારનું બહુમાન થશે. બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦ પૂ. માતાજીની પહેડીનો મહાપ્રસાદ રહેશે.

ચતુર્થ પહેડીના દાતા **માતુશ્રી તારાબાઈ શીવજી નરશી પોલડીયા પરિવાર** (બાયઠ-મહાલક્ષ્મી) હ. રાજેશ શીવજી પોલડીયાએ લાભ લીધેલ છે.

**-: નિમંત્રક :-**

**ગોરંગબાલુડો - પોલડીયા પરિવાર પહેડી સમિતિ વતી**

**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયાના જય માતાજી**

**સંપર્ક : શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**-09930008339

**શ્રી ભરત શીવજી પોલડીયા**-09320668286


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**એમ્બ્રોઈડરીનો નવો સ્ટોક મહાવીરમાં**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશમ-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ ઘરચોળાની બોર્ડરો.
- બાંધણી માટે ફેન્સી બોર્ડરો
- પ્લેન તેમજ ફેન્સી ડાયબલ સાડી મટેરીયલ
- રીયલ તથા ટેસ્ટેડ ઘરચોળા
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટ્રેશન વર્ક, હેન્ડવર્ક તેમજ મશીનવર્ક કરી આપશું.

ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડર અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ, સ્ટેશન પાસે, માટુંગા.

ફોન : 2402 5070 / 6504 6030

મો. 086522 39537

website : www.mahavirembroidery.in

(રવિવારે બંધ)

**સાડી લાઈનના અનુભવી સેલ્સમેન જોઈએ છે. સારો પગાર મળશે.**

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા


।। શ્રી મહાવીરાય નમઃ ।।

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાયઠ

### સ્નેહમિલન આમંત્રણ

સર્વે ક.દ.ઓ. બાયઠવાસીઓ અને નિયાણી બહેનોને બાયઠના સ્નેહમિલન રવિ. ૨૪-૨-૧૩ના સાંજે ૪થી ૯માં સપરિવાર પધારવા આમંત્રણ છે.

**-: સ્થળ :-**
શેઠ નરશી નાથા સભાગૃહ (AC હોલ)
LBS માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮.

**-: સૌજન્ય દાતા :-**

**માતુશ્રી મમુબાઈ નરશી લધાભાઈ પોલડીયા સમસ્ત પરિવાર (બાયઠ)**

સર્વેને સમયસર પધારવા વિનંતી છે. આપણી નિયાણી બહેનોને પણ આ કાર્યક્રમ બાબત જાણ કરશોજી. (ચોવિહારની વ્યવસ્થા છે)

**-: નિમંત્રક :-**

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન - બાયઠ** વતી
વ્યવસ્થાપક સમિતિ

।। શ્રી ચંદ્રપ્રભુસ્વામીને નમઃ ।।

# શ્રી ક.દ.ઓ. જૈન નલીયાવાસી જ્ઞાતિજનોનું સ્નેહમિલન-૨૦૧૩

## હાર્દિક આમંત્રણ

નલિયાના સર્વે ક.દ.ઓ. જૈન જ્ઞાતિના ગામવાસીઓ તથા નિયાણી બહેનોનું સહ પરિવાર સાથેનું સ્નેહમિલન **તા.૨૪-૨-૧૩ રવિવાર સવારના ૯ થી ૨** દરમ્યાન હોરીઝોન હોલ, શનિમંદિર સામે, શંખેશ્વર નગર, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ)માં આયોજીત કરેલ છે. આ પ્રસંગે આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ જાહેર નિમંત્રણને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશોજી.

ગામવાસીઓના વર્ષ દરમ્યાન મોટા તપ કે વર્ષીતપ ચાલુ હોય તો એમના નામ નોંધાવશોજી તથા શિક્ષણમાં પોસ્ટ ગ્રેજ્યુયેશન તથા વિશેષ ડીગ્રી કે સી.એ., ડોક્ટર, ઈન્જીનીયર તથા વિશેષ સિધ્ધિ હોય તો એમના નામ નોંધાવશોજી જેથી આ પ્રસંગે તપસ્વી બહુમાન અને સરસ્વતી બહુમાનનો લાભ લઈ શકાય.

**~ કાર્યક્રમના શણગાર ~**

સમારોહ પ્રમુખ : **માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા** (ઘાટકોપર)

અતિથિ વિશેષ : **શેઠશ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા** (માટુંગા)

**શુભ દિવસ : રવિવાર તા.૨૪-૨-૧૩ સવારના ૯ થી ૨ સુધી...**

**-: કાર્યક્રમ :-**

સવારના ૯.૧૫ કલાકે ........... દિપ પ્રકાશન અને હારારોપણ
સવારના ૯.૩૦ કલાકે ........... નવકારપઠન
સવારના ૯.૪૫ કલાકે ........... સ્વાગત પ્રવચન
સવારના ૧૦.૧૫ કલાકે .......... પ્રાસંગિક ઉદ્‌બોધન અને વિવિધ બહુમાન
સવારના ૧૧.૦૦ કલાકે .......... શૈક્ષણિક સિધ્ધિ તથા ધાર્મિક સન્માન
સવારના ૧૧.૪૫ કલાકે .......... દાંડીયા રાસ અને રાસ ગરબા
સવારના ૧૨ થી ૨ કલાકે ....... સ્વામીવાત્સલ્ય જમણ

**સ્થળ : હોરીઝોન હોલ, શનિ મંદિર સામે, માનપાડા રોડ, શંખેશ્વર નગર, ડોંબિવલી (ઈસ્ટ)**





-: નિમંત્રક :-

**શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ વતી**

**વિરેન્દ્ર ભવાનજી લોડાયા - 9821073830** • **દીપેશ લક્ષ્મીચંદ મોમાયા - 9323003032**
**નરેશ મેઘજી છેડા - 8291821059** • **મયુર ગોવિંદજી દંડ - 9820980776**
**ચેતન લહેરચંદ નાગડા - 9820105078** • **લહેરચંદ મુરજી છેડા - 9324489222**
**મણીલાલ ખીમજી લોડાયા - 9821175847**

નોંધ : અગાઉ જાહેરાત મુજબ આ કાર્યક્રમ માહુલી હોલના બદલે હવે હોરીઝોન હોલમાં રાખેલ છે. જે ફેરફારની નોંધ લઈ બધા ગામવાસીઓ પધારશોજી.

।। શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ।।

# રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયની ૨૪મી વર્ષગાંઠ-ધ્વજા મહોત્સવ

## સોમવાર તા.૨૦મી મે, ૨૦૧૩

શ્રી રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વના દાદાના જિનાલયની ૨૪મી વર્ષગાંઠ પ્રતિષ્ઠા તિથિ વિ.સં.૨૦૬૯ વૈશાખ સુદ ૧૧ ને સોમવાર **તા.૨૦મી મે, ૨૦૧૩**ના શુભદિવસે હરહંમેશની જેમ ધામધુમથી ઉજવાશે. આ પ્રસંગે સવારના ૯ કલાકે શ્રી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવશે. સવારના ૧૦.૦૦ કલાકે લાભ લેનાર ભાગ્યશાળી પરિવારના હસ્તે શ્રી સંઘ વતી ધ્વજા ચઢાવવામાં આવશે. આ સાથે રંગમંડપ, દેવીઓ અને ગુરૂમંદિરની નૂતન ધ્વજાઓના ચડાવવામાં આવશે.

હરહંમેશની પ્રણાલીકા અનુસાર શ્રી સંઘ વતી ધ્વજા ચડાવવાનો લાભ રંગપુરવાસી ભાઈ-બહેનોને રૂા.૧૧,૦૦૦/- કે તેથી વધારેના નકરાથી વહેલો તે પહેલોના ધોરણે અપાશે. લાભ લેવા ઇચ્છુક પરિવારે ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા ભલામણ. આ દિવસે સંઘ વતી સવારના નવકારશી, બપોરના જમણ, ચા-પાણી, સાંજના જમણ અને રાતના ભાવના રાખવામાં આવેલ છે.

આ શુભ અને મંગલકારી પ્રસંગે શ્રી રંગપુર ગામના જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનોને તેમજ નિયાણી બહેનો અને પરિવારજનોને ખાસ પધારવા આમંત્રણ અને આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે. *"કરણ, કરાવણ અને અનુમોદન સરખા લાભ નિપજાવે"* ઉકિત ધ્યાનમાં રાખી આપ સૌ વહેલી તકે આપની રંગપુર જવાની ટીકીટ કઢાવી લેશો તેવી અભિલાષા છે.

આપને સુવિદિત છે તેમ રંગપૂર ગામમાં ભોજનશાળાની સુંદર વ્યવસ્થા છે અને અતિથિગૃહ પણ છે. આપ આવશો તો લાભ પામશો.

**હાલો, રંગપુર આપણા માદરે વતન...**



**-: નિમંત્રક :-**

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજન વતી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**



**શ્રી પંકજ કેશવજી ધરમશી** (પ્રમુખ) **શ્રી ઠાકરશી ડાયાલાલ ધરમશી** (ઉપ-પ્રમુખ)
**શ્રી બીપીન પાર્શ્વીર નાગડા** (માનદ મંત્રી) **શ્રી અશોક લાલજી લાલકા** (ખજાનચી)
**શ્રી રમેશ દેવચંદ વોરા** (ટ્રસ્ટી) **શ્રી જીવરાજ ધરમશી વોરા** (ટ્રસ્ટી)
**શ્રી ગુલાબચંદ ત્રીકમજી નાગડા** (ટ્રસ્ટી)

ના જયજિનેન્દ્ર

શ્રી સુપાર્શ્વનાથ સ્વામિને નમઃ

નમો નમઃ ગુરુશ્રી ગોયમ-સુહમ્મ-આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર સૂરિભ્યો

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય

**આયોજિત**

**સ્થાનિક એડ્રેસ :** મુ. પો. મોડપર, તા. લાલપુર, જી. જામનગર, સૌરાષ્ટ્ર, પીન કોડ નં. ૩૬૧૨૮૦.
**મુંબઈ કાર્યાલય :** C/o. આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૭૭.
ફોન : ૦૨૨-૨૫૦૧ ૧૭૮૮ મોબાઈલ : ૦૯૮૯૨૯૫૦૮૧૪

***શ્રી તીર્થાધિપતિ સુપાર્શ્વનાથ ભગવાન સહ જિન બિંબ***
***ગુરુ–દેવ–દેવી અંજન પ્રતિષ્ઠાના મહામંગલાવસરે સામૂહિક વર્ષીતપારાધનામાં જોડાવા***

# હાર્દિક નિમંત્રણ

*દિવ્યકૃપા :* દંતાણી રત્ન, મહાન ક્રિયોદ્ધારક **પ.પૂ. દાદાગુરુ આ.ભ. શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.**
મોડપુર તીર્થ પ્રેરક, અચલગચ્છાધિપતિ **પ.પૂ. દાદાગુરુ આ.ભ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.**
મોડપુર તીર્થ જીર્ણોદ્ધાર પ્રેરક, અચલગચ્છાધિપતિ **પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.**
શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ **પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**
*શુભાશિષ :* તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
*નિશ્રા : પ્રેરણા :* જીર્ણોદ્ધાર માર્ગદર્શક, સૌમ્ય સ્વભાવી **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
આદિ **વિશાળ સ્વગચ્છીય સાધુ-સાધ્વીજી મ.સા.**
હાલાર પંથમા ગુરુ ભગવંતો એ ચાર્તુમાસ કરી ધર્મ આરાધના કરાવી હતી અને જાગૃતી આણી હતી
પ.પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ. સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. આદિઠાણા,
પ.પૂ. સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા

| ***વર્ષીતપ પ્રારંભ ...નો સલુણો દિવસ*** | ***સલુણો સ્થળ*** |
|---|---|
| સં. ૨૦૬૯ ફાગણ વદ ૮<br>બુધવાર, ૩ એપ્રિલ ૨૦૧૩ | શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલય, ઝવેર રોડ,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |

卐 ***સલુણી ક્ષણ :*** સવારના ૮ કલાકેથી 卐

૪૦૦ વર્ષ પ્રાચીન શ્રી મોડપુર તીર્થનો બેનમુન જીર્ણોદ્ધાર કાર્ય પૂર્ણતાને આરે છે. પ્રતિષ્ઠાના વાજા વાગી રહ્યા છે. મનમયુર થનગન નાચી રહ્યો છે ત્યારે સકલ જૈન સંઘ વર્ષીતપની આરાધનામાં જોડાવા ને **નાણોચ્ચાર** પ્રસંગે પધારી વર્ષીતપ પ્રારંભ કરવા આપને હાર્દિક ભાવભર્યું નિમંત્રણ છે. નીચેના પ્રવેશપત્ર પ્રાપ્ત સ્થળોએ ફોર્મ ભરવા નમ્ર વિનંતિ.

શ્રી મોડપુર તીર્થે શ્રી સુપાર્શ્વનાથ પરમાત્માની છત્રછાયામાં સૂરિગુણ ગુરુના પટ્ટાલંકાર, પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા વિશાળ શ્રમણ-શ્રમણી ગણની નિશ્રામાં સં. ૨૦૭૦ ના વૈશાખ સુદ-૩ અખાત્રીજ ના પારણા કરાવવામાં આવશે, ફક્ત ૧૦૦ જ આરાધકો લેવાના છે, જેથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ પત્ર ભરી જમા કરાવશોજી.

લિ. શ્રી મોડપુર સુપાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ ટ્રસ્ટના પ્રણામ! જય જિનેન્દ્ર

## શેઠ શ્રી ગોવિંદજી વસનજી સાંચાકે,
## નવમી પુણ્યતિથિએ ભાવભીની પુષ્પાંજલિ...

જન્મ
તા.૨૩-૮-૧૯૩૭
"જીવી વ્યા"



અરીહંતશરણ
તા.૨૭-૨-૨૦૦૪
"જીતી વ્યા"

(સુજાપુર/માટુંગા)

સુજાપુરજો સોંજો માડુ, ઈ ગોવિંદ મિઠો જેંજો નાં
મમ્મુમા ને વસનજી શેઠજે, ચાગલે પુતરજી ગાલ ચાં
**"જીવી"** જીવી જાણ્યા જિંદગી, તેંજા ગુણ ગાંયા
જન માન્યો લાડકો "જીવી" ઈ શેઠ ગોવિંદજી વસનજી સાંયા
કીંગજ્યોર્જ સ્કુલ દાદરજી ને પાંજી પાઠશાળામેં ક્યાં અભ્યાસ
ઉન્ન જમાનેમેં સાયન્સજા ગ્રેજ્યુએટ થ્યા, કરી B.Sc. પાસ
વાયદા ભઝારનો કપાજો, દાંધો ક્યાં દામદોકાર
પોય ઠરીઠામ જિંદગીમેં, દિલ ચેં હાંણે નાતકે જરા ન્યાર
નાતમેં ભણતર જિજી વધે, એળી જીવીજી ભલી દ્રષ્ટી
ભન્યા વીરજી લધાભાઈ ક.દ.ઓ. છાત્રાલયજા વડા ટ્રસ્ટી
શિક્ષણ-પ્રસારક સમિતિ ને, ઉત્કર્ષ કેળવણી ટ્રસ્ટમેં રયા ટ્રસ્ટી
નરશી નાથા બાલાશ્રમજે, ઉપપ્રમુખ પદતેં શોભેં ઈ હસ્તી
થ્યા વીરજી લધાભાઈ ટ્રસ્ટજા ટ્રસ્ટીને, જીવીજી એળી કૃપાદૃષ્ટિ,
જે નારી ઉત્થાનલા લક્ષ્મીબાઈ, કન્યા છાત્રાલયજા પણ થ્યા ટ્રસ્ટી
ત્રે દાયકેંજ સુધી ઝઝૂમ્યા, થીયે બાલુડેંજો વિકાસ
ભવિષ્ય ભાવરેંજો ભલો થીયે, ઈ કંયે માં શારદાકે અરદાસ
નયે યુગજો નયો સંગઠન, કે.ડી.ઓ. ક્લાસીકજા થ્યા મંત્રી
પોય ભનાયાં ઉપપ્રમુખ જે, જીવીજી કમજી મિણીકે ખાત્રી
જીવીજી જવાબદારી જભરી, ક્યાં મેડીકલજો ઉત્તમ આયોજન
આશરે અઢીસો જેંણેજા ફ્રીમેં, કરાંયાં અખિંયેંજા ઓપરેશન
ધન્યવાદ ડીના સાથીએંકે, આં થકી અંઈયાં મિણીજે સન્મુખ
હી સુણી હીન દિલદાર મુડસતેં, કલશ ઢોળી ક્યાં પ્રમુખ
કેડીઓ ક્લાસીક સમાજ ઉત્કર્ષ નિધિજા વા શુભચિંતક
મેડીકલ સહાય મિણીકે મિલધી રે, તેંલા ઈ રયા પ્રેરક
રૈ પ્રિમિયર સ્કૂલજા સલાહકાર, પ્રેસ્ટિજ વધાર્યાં ઈ શ્રેષ્ઠિ
મલબારહિલજી માનવમંદિર સ્કુલજા, વા માનવંતા ટ્રસ્ટી
રોટરી ક્લબ મુંબઈ ડાઉન-ટાઉનજા વા પાસ્ટ પ્રેસીડેન્ટ
રૂડાં રોટેરીયન રૂબાબદાર, જેંજી યાદગીરી રૈ પર્મેનેન્ટ
સુજાપુર ક.દ.ઓ. મહાજનજા જીવી વા અચ્છા અધ્યક્ષ
બીડડા સર્વોદય ટ્રસ્ટજે હિન કાર્યકરજો હો માનવતાજો લક્ષ
જીવી જે દારવાજે આયા, પાછા વ્યા ઈ ખિલદા
નાતીલેંજે નિંઢે-વડેં કમ લા, સદા દાન રયા મિલદા
પાંજી શૈક્ષણિક સંસ્થાએંજો વ્યો આત્મા, ડૈ સેવા અમૂલખ
ઈ સુજાપુરજો સાવજ ને માટુંગેજો મુડસ, કમકેં મબલખ
ધુનિયામેં પિંઢલા ત જીવે જિજજા, પરાયેલા જીવદિલ ઈ નરબંકા,
રશ્મિનચે **"જીવી"** વ્યા - જીતી વ્યા, વજાઈ જિંદગીમેં ડંકા.

***- રશ્મિન ખોના (મુંબઈ)***

## મિત્રોમાં હરખની હેલી
## હાર્દિક અભિનંદન



**CA જીગર ભદ્રિક મૈશેરી**
**(ગાંધીધામ-કચ્છ)**

આપશ્રીએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઉચ્ચ ડીગ્રી મેળવી, પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ ખુબ ખુબ હાર્દિક અભિનંદન... આપ ભવિષ્યમાં ઉચ્ચ શિખરો સર કરો એવી અંતરની શુભકામનાઓ...

**-: શુભેચ્છક મિત્રવર્તુળ :-**

**મિતેશ નિતિન મોતા** — **કેતન મધુકાંત લોડાયા**
**વિપુલ કાંતિલાલ લાલકા** — **ધવલ બિપિન લોડાયા**
**જુગલ માણેકજી નાગડા** — **મયુર વિનય મૈશરી**

**ધી વોરીયર્સ ગ્રુપ-ગાંધીધામ**


જય રામાપીર — જય આશાપુરા — જય ક્ષેત્રપાલદાદા

## અરિહંત ટ્રેડીંગ

| ફરસાણ | મીઠાઈ | ખાખરા | ચીકી |
|---|---|---|---|
| ચવાણું (સેવપકોડી) | મોહનથાળ | ઘી-સાદા | શીંગ |
| તીખી સેવ | ગોળપાપડી | સાદા (કોરા) | ફ્ઝ |
| ફરસી પુરી | બુંદી (લાડુ) | ઘી - જીરા | થ્રી ઈન વન |
| તીખા ગાઠીયા | મીઠી બુંદી | મેથી મસાલા | તલ |
| ભાવનગરી | સાટા | મેથી માંગરોલી | કોકોનેટ |
| ફાફડી | ખોપરાપાક | જીરા | ડ્રાયફ્રુટ |
| ક્ચોરી | ખંભાતી હલવો | નાચની | દાલીયા |
| મકાઈ ચેવડો | કાજુ કતરી | ચોરા ફરી | મલાઈ |
| પૌવા ચીવડો | મૈસુક પાક | મઠ | રાજગીરા |

**ચેમ્બુર જૈન દેરાસરનું ફરસાણ અને મિઠાઈ ઓર્ડરથી મંગાવી આપીશું.**
**(હોમ ડીલીવરી)**

*"એવું શું જાદુ ભર્યું, અરિહંત અક્ષર ચાર, આફત બને આશિષ"*

**કિર્તી શિવજી મૈશેરી (નાનીસિંધોડી-ભાંડુપ)**
સંપર્ક : મો.9920089346 / 9930823619
**આપનો વિશ્વાસ-અમારી સફળતા**

।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું ગૌરવ

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના જન્મ શતાબ્દિ વર્ષે...

અંતરના અહોભાવે... ઉરના ઉલ્હાસ સાથે... શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી... પ્રભુ મહાવીરે પ્રરૂપેલા ધર્મમાર્ગે પ્રસ્થાન કરવા અમારી વહાલસોયી દીકરી મુમુક્ષુ **કુ. ઉર્વી વિપુલ ગુલાબચંદ ડાઘા** (ગોએરસમા-અમેલનેર) અચલગચ્છાધિપતિ પુ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના સમુદાયમાં છ'રીપાલિત ચતુર્વિધ સંઘની ઉપસ્થિતીમાં તા.૨-૩-૧૩ મહા વદ પાંચમના પાલીતાણા તીર્થમાં ભાગવતી દીક્ષાઅંગીકાર કરી સંયમ પંથે પ્રયાણ કરશે. અને પોતાનું જીવન રત્નત્રયી આરાધનાર્થે શાસન ચરણે સમર્પિત કરશે. અમારી લાડલી દીકરીની પ્રવજ્યાના પાવન પ્રસંગને હર્ષના હિલોળાથી વધાવવા, અંતરના આશિષ આપવા આપ સૌ જ્ઞાતિજનો અવશ્ય પધારશોજી. જ્ઞાતિમૈયાના આશિર્વાદથી એમની સંયમયાત્રા સફળ અને સાર્થક બને એવી અભિલાષા...

**-: નિમંત્રક :-**



**માતુશ્રી મીઠીબાઈ દેવશી કચરાભાઈ ડાઘા સમસ્ત પરિવાર** (ગોએરસમા)

દાદા-દાદી : **માતુશ્રી ગુણવંતી ગુલાબચંદ ડાઘા**

માતા-પિતા : **સૌ. હર્ષા વિપુલ ડાઘા**

ફઈ-ફુવા : **સૌ. મીના દિનેશ લોડાયા** (સાંયરા)

નાના-નાની : **સૌ. સુશીલાબાઈ કલ્યાણજી લોડાયા પરિવાર** (કોઠારા)

ભાઈ : **દર્શન** એવમ સર્વે સગા સંબંધીઓ - હિતેચ્છુઓ.




**૫૦ વર્ષની વિશ્વાસુ પરંપરા સાથે**

**મુલુંડના આંગણે...**

## રમણીકલાલ જયંતિલાલ જ્વેલર્સ

(વિજય શાહ)

શૉપ નં.૩, A વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
પ્રણવ કમર્શિયલ પ્લાઝા, શિવસેના ઓફિસની બાજુમાં,
એમ.જી.રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.

**સોનાના દરેક વજનનાં સિક્કા મુંબઈના હોલસેલ ભાવે મુલુન્ડમાં મળશે.**
**અમારી વિશેષતા : ચાંદીના સિક્કા સોનાની એન્ટીક જ્વેલરી તથા ચાંદીની નોટ વગેરે અમારે ત્યાં ઉપલબ્ધ છે. સોનાના જુનાં ઘરેણાં પણ ખરીદીએ છીએ.**

**સંપર્ક : 98201 18781 / 2568 0323**



**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ,**
**શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા**
**અને જી.વિ.સી. સંઘના સથવારે**



## મેડીકલ કેમ્પ

(કેમ્પમાં ખાસ રાજકોટથી ડૉ. રાજેશ ઠક્કર સેવા આપવા પધારશે.)

**હાડકાના દર્દીઓ માટે**

**ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમર,**
**ખભાનો દુખાવો, પગના તળીયા પેનીનો દુખાવો.**

**શુક્રવાર, તા. ૦૧/૦૩/૨૦૧૩**
**સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ક.**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : અજય શાહ - ૯૮૯૨૩૭૨૭૭૭
સ્થળ : અનંતછાયા જૈન ઉપાશ્રય, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ).

ખાસ નોંધ : કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે.
કેમ્પમાં પહોંચ્યા પછી રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ભરવાના રહેશે.

કિડની ડાયાલીસીસના દર્દીઓ માટે તા. ૨ અને ૩ માર્ચ ના રોજ
શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રિલીફ સેન્ટર ખાતે રાબેતા મુજબ રહેશે.

**સર્વે જ્ઞાતિજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ.**

## પ્રતાપી નારીરત્નો : પ્રખરવક્તા વિદુષી માતુશ્રી રાણબાઈ

*- શ્રી દેવજી દામજી ખોના*



રાણબાઈમાનો જન્મ ઇ.સ. ૧૮૯૭ વિ.સં.૧૯૫૩ ભા.સુ.૫ શ્રી સંવત્સરી મહાપર્વના પવિત્ર દિવસે કચ્છ નલીયામાં શા. હીરજી લાધાના ઘરે શ્રી દેવકાંબાઈની કુક્ષીએ થયો હતો.

માતુશ્રી સદંતર નિરક્ષર હોવા છતાં બહુ સંસ્કારી હતા અને વાકપટુતાના કારણે પ્રવચન જેવી છટાથી તેઓ કલાકો સુધી એકધારો વાર્તાલાપ કરી શકતા. પિતાશ્રી હીરજીભાઈને સંગીતની બક્ષિસ કુદરતી હતી.

બહેનશ્રીએ ગુજરાતી છ ધોરણ સુધીનું અને સામાન્ય ધાર્મિક શિક્ષણ મેળવ્યું પણ બાર વર્ષની કિશોર વયેજ વારાપધરવાળા શા. પુનશી પરબતના પુત્ર શ્રી ખીમજીભાઈ સાથે એમના લગ્ન થવાથી અભ્યાસમાં વિક્ષેપ પડ્યો.

દુર્દૈવે ત્રણ વર્ષના ગૃહસ્થાશ્રમ બાદ પંદર વર્ષની વયે બહેનશ્રીને વૈધવ્ય પ્રાપ્ત થયું. આ વખતે મુરબાઈ નામની છ માસની બાળકી એમને આશ્વાસનરૂપ હતી.

થોડા સમય બાદ "શેઠ શ્રી લાડણ ખીમજી જ્ઞાનશાળા". માં શિક્ષિકા તરીકે નીમાયા. ત્યાં પોતાનો સંસ્કૃતનો અભ્યાસ પણ ચાલુ કરીને આગળ વધાર્યો.

સ્વ. અરજણ નરશીની વિધવા ભમલમાના પ્રયાસથી સં. ૧૯૭૧માં બહેનશ્રીએ "કોડાય સદાગમ પ્રવૃતિ આશ્રમ"માં પ્રવેશ કર્યો.

ત્રણ વર્ષમાં બાર હજાર શ્લોકવાળું સિદ્ધાંત કૌમુદી, તર્કસંગ્રહ, મુક્તાવલિ, પંચકાવ્ય, અમરકોષાદિ પુસ્તકોનો અભ્યાસ અસાધારણ ઝડપથી પૂરો કર્યો. શિક્ષણ લેવા ઉપરાંત એઓશ્રી આશ્રમની બહેનોને વિદ્યાભ્યાસ પણ કરાવતા.

પોતાની વિદ્વતા તેમજ વ્યવસ્થા શક્તિથી શ્રી વીશા ઓશવાળ જ્ઞાતિમાં બહુ જાણીતા અને માનનીય બન્યા અને કોડાયવાળા રાણબાઈ તરીકે પ્રસિધ્ધિને પામ્યા હતા.

કોડાયના આશ્રમમાંથી અગિયાર વર્ષ પછી નિવૃત્ત થયા પછી થોડા વખત બાદ એમણે શ્રી રતનભાઈ વીરજી ગંગાજરના સહકારથી મુલુંડમાં શ્રી વનિતા જ્ઞાનમંદિરની સ્થાપના કરી અને ત્યાં બહેનશ્રી શિક્ષિકા તરીકે દાખલ થયા. વીસ વર્ષ સુધી એકધારી સેવા બજાવી. સંધિવાના દર્દને કારણે નિવૃત્ત થયા.

મુલુંડમાં જૈનોની ફક્ત સવાસો જણની વસ્તી હતી અને શેઠ હરગોવિંદદાસ રામજીના શુભઃ પ્રયાસથી નાજુક દેરાસરજી અને બાજીમાં એક નાજુક હોલ (પાઠશાળા ઉપાશ્રય માટે) બંધાવવામાં આવ્યા. બહેનશ્રીના આગમનની સાથેજ સં. ૧૯૮૪માં પહેલીજ વાર મુલુંડમાં શ્રી પર્યુષણ પર્વનો ઉત્સવ એમની રાહબરી હેઠળ ઉત્સાહપૂર્વક ઉજવાયો. જૈન સમાજને આથી ઘણોજ હર્ષ થયો અને ત્યારથી ૨૫ વર્ષ સુધી શ્રી પર્યુષણ પર્વની આરાધના બહેનશ્રી કરાવી રહ્યા હતા. શ્રી આયંબિલની ઓળી, વિવિધ તપશ્ચર્યાઓ, મોટી પૂજાઓ વિગેરે ઘણાં સમયસુધી બહેનશ્રીની રાહબરી હેઠળ સકળ સંઘ ઉત્સાહપૂર્વક ઉજવતુ.

સં. ૧૯૯૯માં મુલુંડના ગુજરાતી ભાઈઓએ શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘની સ્થાપના કરી પણ શ્રી અચલગચ્છનો સમુદાય વિશાળ હોવાથી તેમજ ટ્રસ્ટી મહાશયો પણ વિશાળ દિલના હોવાથી બહેનશ્રી પ્રત્યેની પૂજ્ય લાગણીના કારણે શ્રી અચલગચ્છ પક્ષની સગવડો વિશેષતઃ સાચવતા. ત્યારબાદ ગુજરાતી સમાજની પણ વસ્તી વધવા લાગી. બહેનશ્રીના પ્રયાસોથી સં. ૨૦૦૬માં તા.૨૭-૮-૫૦ના રોજ "શ્રી મુલુંડ શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ"નું વિસર્જન કરવામાં આવ્યું અને "શ્રી મુલુંડ સ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ"ની સ્થાપના થઈ. બહેનશ્રીની લાંબા સમયની સેવાના કદરરૂપ એમને શ્રી સંઘના "માનદ સભ્ય" બનાવવામાં આવ્યા. શ્રી સંઘની કાર્યવાહક સમિતિમાં "કાયમી સભ્ય" તરીકે એમને સ્થાન આપવામાં આવ્યું એ પણ જ્ઞાતિગૌરવ છે.

બહેનશ્રીના પ્રયાસોને લીધે હાલનું શિખરબધ્ધ ભવ્ય જિનાલય તેમજ વિશાળ બે મજલાવાળું ઉપાશ્રયનું મકાન મુલુંડની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યું છે.

બહેનશ્રીએ રૂા.૧૧૨૫૧ અર્પણ કરવાથી ઉપાશ્રયના ઉપરના હોલને "બહેનશ્રી રાણબાઈ હીરજી વ્યાખ્યાન મંદિર" નામ આપવામાં આવ્યું છે. વિશેષ એ કે બહેનશ્રીને શિક્ષિકા તરીકે લગભગ રૂા.૧૦,૦૦૦ મળ્યા હશે. જે ઉપર પ્રમાણે મુલુંડના ઉપાશ્રય માટે અર્પણ કર્યા. તે સિવાય કોડાયની કોરી ૫૫૦૦ તથા નલીયાની કોરી ૬૦૦ ની આવક પણ ત્યાંની સંસ્થાઓને અર્પણ કરી દીધી. આમ બહેનશ્રીએ સમાજને એક અતિ આદર્શ અને અનુપમ દાખલો આપ્યો. મુલુંડ દેરાસરજીના મુળનાયક શ્રી વાસુપુજ્યસ્વામીજીની

પ્રતિમા શેઠ નરશી નાથા (પાલીતાણા) ટ્રસ્ટ તરફથી વગર નકરે મુલુંડ સંઘને સં. ૧૯૮૭માં ભેટ મળેલ એ લાભ આપણી જ્ઞાતિનું અહોભાગ્ય છે.

આ ઉપરાંત પૂ. ચણબાઈ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તથા જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી પ્રતિવર્ષે લેવામાં આવતી ધાર્મિક પરીક્ષાઓ માટે વર્ષોથી પરીક્ષક તરીકે નિમણુંક કરવામાં આવતા.

શ્રી કચ્છી વીશા ઓશવાળ પાઠશાળા (મુંબઈ), શ્રી કચ્છી દશા ઓશવાળ પાઠશાળા (મુંબઈ). શ્રી પુરબાઈ જૈન કન્યાશાળા (મુંબઈ), શ્રી જૈન જ્ઞાનશાળા દેરાસરજી (મુંબઈ), આ ચારે શાળાઓમાં પરીક્ષા લેવા માટે બહેનશ્રીને અવારનવાર આમંત્રણો મળતા.

સં. ૧૯૦૮માં શેઠ કાનજી પાચારીઆ તરફથી નીકળેલ શ્રી પાલીતાણાના સંઘ પ્રસંગે બહેનશ્રીએ શેઠ નરસી નાથા ધર્મશાળામાં એમનું પ્રથમ જાહેર ભાષણ જૈન સમાજ સમક્ષ એકધારૂં ત્રણ કલાક સુધી આપ્યું હતું.

સં. ૧૯૮૯ની સાલમાં શેઠ રવજી સોજપારના પ્રમુખ પદે જુન્નેરમાં ભરાયેલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ વખતે "વિધવા વિવાહ" અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો.. બહેનશ્રીના વિધવા વિવાહ સંબંધીના ભાષણે જૈન સમાજને આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા અને ત્યારબાદ કદી વિધવા વિવાહનો પ્રશ્ન જૈન કોન્ફરન્સમાં ઉપસ્થિત થયો નથી.. એ પ્રથમ પ્રસંગ પછીજ બહેનશ્રી જૈન સમાજમાં વિશેષ જાણીતા થયા.. ત્યારપછીથી કોન્ફરન્સના મુંબઈમાં ભરાયેલ બધા અધિવેશનોમાં એમના ભાષણો થતા.

સં. ૧૯૯૩માં મહારાષ્ટ્રીય જૈનોની એક ખાસ પરિષદ ભરવામાં આવી હતી જે વખતે સ્ત્રી વિભાગની મળેલ એલાયદી બેઠકના બહેનશ્રી પ્રમુખ હતા.

આ ઉપરાંત ઘણી ધાર્મિક પ્રવચનમાળાઓમાં અધિવેશનોમાં અને પરિષદોમાં એમણે વ્યાખ્યાનો આપ્યા છે. ઘણી વ્યક્તિઓ જેમાંના એક શ્રી વાલજી લધાભાઈ હતા.. જ્ઞાતિના અને જ્ઞાતિ બહારના ઘણા આગેવાનો અને સજજનો બહેન પ્રત્યે માનભરી દ્રષ્ટિથી જોતા.

બહેનશ્રીના પ્રભાવી જ્ઞાન બળે, સાદા જીવનના પ્રતાપે એમની શારિરીક સંપત્તિ પ્રાયઃ તંદુરસ્ત રહી, પણ છેલ્લા આઠેક વર્ષોથી સંધિવાની તકલીફ એમની પ્રવૃત્તિઓમાં ભારે અંતરાયરૂપ નીવડી છતાં તેઓ શક્ય એટલી સેવાઓ અને પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા.

કર્તવ્યશીલ, નિસ્વાર્થ, ત્યાગી, ઉજ્જવળ, ધર્મભાવના અને પરિશ્રમયુક્ત આદર્શ જીવન કેટલું આદરણીય હોઈ શકે એ બહેનશ્રીના સમગ્ર જીવન પરથી લેવાનો બોધપાઠ છે. સ્ત્રી સમાજ માટે તો બહેનશ્રીનું પ્રત્યક્ષ અને પરોક્ષ જીવન અપ્રતિમ આદર્શરૂપ છે. જ્ઞાન સંપાદનની મહત્તા, ત્યાગની તપોભાવના, અને મન-વચન-કાયાના સંયમના સુંદર સમન્વયના મહિમાનું યથાર્થ ભાન કરાવવા માટે આનાથી વધુ સચોટ બીજો ક્યો દાખલો હોઈ શકે? વ્યવહારિક શિક્ષણ ઓછું ભણેલા પણ સમાજ ઘડતર અને ધર્મ ક્ષેત્રે તેમણે નામ દીપાવ્યું. ધન્ય છે એવા નારીરત્નને...

('સતીરત્ન કથાસંગ્રહ' પુસ્તકમાં પ્રગટ થયેલ નોંધ પરથી સંકલિત) ('પ્રકાશ સમીક્ષા'માંથી)

**નોંધ :** આજે આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિતે જ્ઞાતિના આવા પ્રતાપી નારીરત્નોને યાદ કરી તેમના પ્રભાવી જીવનની પ્રેરણા લઈ મહિલાશક્તિને વધુ ગૌરવાન્વિત કરીએ.

## કાવ્ય-પ્રકાશ : કચ્છડો ન્યાર

સુણેં સુણેં મેં કેડો વે તો સાર
હકડે કને સુણીં બે કને કઢેંતા બાર
  પણ કચ્છડો તું હેકીયાર ન્યાર
કચ્છ, કચ્છી ને કચ્છીયત ન્યાર
મિંજઈ મોરલો મોડસાઈ જો ન્યાર
રણ, ડુંગર, ધરીયાને ધરતી
અનજી કાયમ કચ્છ મેં હસ્તી
તેમેં ધીલધાર ધલાવર વસ્તી
કચ્છડે જી નાંય કિંમત સસ્તી !
રંગ પીછીજે વચ્ચ કલાકાર વેતો
અમોલ થી ને આકાર દેતો
  એડો હકીયાર મોર ત ન્યાર
પંચતીર્થી જા દેરા ન્યાર
કલા કારીગરીને કોતરકામ ન્યાર
ઘોખાણ ઉડધલ ધાણ ત ન્યાર
સજ ઓલથે સાંજી ન્યાર
તરામેં તરધલ તારૂ ન્યાર
હકીયાર તું કચ્છડો ન્યાર
ખીલ બચુલીને ખીકારૂ ન્યાર
કચ્છ જો નેમ લંડન સેં છેટો નાંય
પાંજો કચ્છ લંડન સેં પોઠીયા નાંય
હકીયાર તું કચ્છડો ન્યાર

– *ભદ્રી પટેલ* (ભાંડુપ) 9773483984

|| શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમો નમઃ || || તીર્થાધિપતિ શ્રી સુમતિનાથાય નમો નમઃ || || શ્રી વિમલનાથ સ્વામિને નમો નમઃ ||

|| શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીભ્યો નમઃ ||

વિધિપક્ષ (અચલગચ્છ) પ્રર્વતક પૂ. દાદાગુરુ આ. ભ. શ્રી **આર્યરક્ષિતસૂરિ** નવમ શતાબ્દિ વર્ષે જયવંતા વર્તો । અચલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી **ગુણસાગરસૂરિ** જન્મશતાબ્દિ વર્ષે સંયમ હીરક વર્ષે જયવંતા વર્તો ॥

વિધિપક્ષ (અચલગચ્છ) પ્રર્વતક
મહાન ક્રિયોદ્ધારક, દંતાણીરત્ન,
મહાત્યાગી, પ.પૂ. દાદાગુરુદેવ આ.ભ. શ્રી
**આર્યરક્ષિતસૂરિ** મ.સા.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ)

નવઘર રોડ, અલ્હાબાદ બેંકની સામે, મુલુંડ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. ફોન : ૦૨૨-૨૧૬૩૫૪૧૨

**દિવ્યકૃપા દાતા**
શાસન પ્રભાવક ભારત દિવાકર
પ.પૂ. ગુરુદેવ આ. ભ. શ્રી
**ગુણસાગરસૂરીશ્વરજી** મ. સા.

# અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષા મહામહોત્સવાર્થે આભાર....અનુમોદના...ક્ષમાપના...



**આજ્ઞા - આશિષ દાતા**
વર્તમાન અચલગચ્છાધિપતિ
તપસ્વીરત્ન પ.પૂ.આ.દે.શ્રી
**ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

## ૐ સાથે એકરૂપતા કરાવનાર સમગ્ર શ્રમણ-શ્રમણી પરિવારને વંદના.

**પાવન નિશ્રા :** યતિવર્યશ્રી **મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીજી** મહારાજને વંદના

લોકલાડીલા નવકાર મહામંત્રના આરાધક, શાસ્ત્રશુદ્ધ વિધિકાર એવા અમારા **શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને કચવન્ન-જય-મેઘ નંદુની બંધુ ત્રિપુટી**
જેમના દ્વારા પરમાત્માની આત્મકલ્યાણકારીણી પાંચેય કલ્યાણકની ઉજવણી સહ ત્રિદિક્ષાથી
સમગ્ર મહામહોત્સવ દીપી ઉઠયો તેઓશ્રીની અંતરથી અનુમોદના...

**સર્વે નિયાણી બહેનોએ હોંશભેર લીધેલ સવાયા લાભ બદ્દલ અનુમોદના...**

સમગ્ર મહોત્સવમાં જેમણે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવીને સવાયા લાભ લીધા
**એવા સમસ્ત દાતા પરિવારોની પુણ્યાઈની અનુમોદના...**



**નિશ્રાદાતા :**
રાજસ્થાન દીપક, સાહિત્ય દિવાકર
સૌમ્ય સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી
**કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.

## પાવન થઈ અમ ભૂમિ, દીક્ષાર્થીઓના મહાભિનિષ્ક્રમણે

**ગચ્છની અમુલ્ય શાસનપ્રભાવના કરવાનો લાભ આપવા માટે શ્રી સંઘ દીક્ષાર્થી પરિવારોના ખૂબ ખૂબ આભારી છે.**

કુ. કોમલબેન મહેન્દ્ર રાંભિયા : પ.પૂ.સા. શ્રી **કુશલગુણાશ્રીજી** મ.સા. । કુ. પૂનમબેન કેશવજી દેઢિયા : પ.પૂ.સા. શ્રી **પરમસુધાશ્રીજી** મ.સા. । કુ. દિશાબેન જયચંદ લોડાયા : પ.પૂ.સા. શ્રી **ચૈત્યગુણાશ્રીજી** મ.સા.

## આપે કર્યા અહો ! ઉપકાર, અમારો કરો ઋણ સ્વીકાર...

- **શ્રી મુકેશ દામજી મૈશેરી - લાલા** - શાસન સમર્પિત આત્મા
- **શ્રી હંસકુમાર દામજી મૈશેરી - લાલા** - ભોજન આયોજન માટે સંપૂર્ણ માર્ગદર્શક
- **શ્રી સોમચંદ વેલજી લોડાયા - આરીખાણા** - તન-મન-ધનથી સહકાર
- **શ્રી કુલીનભાઈ પદમશી પીર - સુથરી** - જિનાલયના બાંધકામના માર્ગદર્શક
- **શ્રી પ્રતિક પ્રતાપભાઈ ધરમશી - સુથરી** - આર. આર. કેમ્પસને લગતી દરેક વ્યવસ્થાનું આયોજન
- **શ્રી આર.આર.સીંઘ** - મહોત્સવ માટે પોતાની કોલેજ અને ગ્રાઉન્ડ આપનાર
- **મેઘ નંદુ એન્ડ પાર્ટી** - ભક્તિ ભાવનાની ધૂમ મચાવનાર




- **કૃષ્ણકાંતભાઈ સામાણી એન્ડ પાર્ટી** - સંગીતનું સંચાલન
- **ઈંદીરાબેન નાગજી છેડા, પારસ નાગજી ગોગરી** - વિધિવિધાનમાં સેવા આપનાર
- **શ્રી અશ્વીન સૈયા** - સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન
- **શ્રી કાલુસિંહ પ્રકટસિંહ રાઠોડ** - દેરાસરના પૂજારી
- **શ્રી શંકર મહારાજ** - નાનું રસોડું સંભાળનાર

તેમજ નામી-અનામી સર્વે કાર્યકર્તાઓ-મહાનુભાવો-વિશિષ્ટ વ્યક્તિઓની ભૂરિ ભૂરિ અનુમોદના...

**સમગ્ર ચતુર્વિધ શ્રી સંઘને મન, વચન, કાયાથી દુભાવ્યા હોય, દુભાવ્યા પ્રત્યે અનુમોદયા હોય, શ્રી અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ પૂર્વ વતી મિચ્છામિ દુક્કડમ્**

**લી. પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| વલ્લભજી કોરશી દેઢિયા...કોટડા (રોહા) | વિસનજી લાલજી સોની.........સુથરી | પ્રવિણચંદ્ર ધારશી ગડા...રાયધણજર | મહેન્દ્ર ભાણજી પાસડ..........શેરડી | લલિત દામજી સોની...બાંભડાઈ | વિનોદ નાનજી હરિયા.....શેરડી |
| લક્ષ્મીચંદ વેરશી નિસર....કોટડા રોહા | પ્રેમચંદ જગશી બૌઆ....નાની તુંબડી | નવીનચંદ્ર હરશી ગડા...........માપર | હેમચંદ મુરજી ગડા....નાના રતડીયા | વિરચંદ ચાંપશી ધરમશી...કોઠારા | **ના સબહુમાન પ્રણામ.....** |

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## વડોદરામાં સામાજિક-ધાર્મિક સંસ્કરણ શિબીર

જ્ઞાતિ સમસ્ત મહાજનના ઉપક્રમે, વડોદરા મહાજનના સહયોગે અને શ્રી નિશિથ આણંદીલાલ દંડ (તેરા) પરિવારના ઉદાર અર્થ સૌજન્યથી જ્ઞાતિના ૮ થી ૧૯ વર્ષના જ્ઞાતિ બાળકો માટે વડોદરામાં સમાજભવનમાં પ્રથમ સામાજિક-ધાર્મિક સંસ્કરણ શિબિર યોજાઈ હતી.

આ શિબિરમાં ઉગતી પેઢીના બાળકોએ ઉમંગભેર ભાગ લીધેલ અને એક દિવસીય પ્રશિક્ષણમાં જ્ઞાન-ગમ્મત સાથે ઉપયોગી માહિતી મેળવી શિબિરને સફળ બનાવેલ. આ શિબિરમાં ૩૫ બાળકો જોડાયા હતા. આ પ્રસંગે વડોદરા મહાજનની ટીમ, મહિલામંચ, યુવક મંડળ, આસપાસના ગામના પ્રતિનિધિઓ અને કાર્યકરો પધારેલ અને કાર્યવ્યવસ્થામાં સહભાગી થયા હતા. અગ્રણી શ્રી પ્રવીણ લોડાયા અને સહકાર્યકરો શિબિરના આયોજનમાં મદદરૂપ થયા હતા.

સવારે સૌએ ચા-પાણી નાસ્તાનો લાભ લીધેલ. રજીસ્ટ્રેશન કરી બધા બાળકોને પેન-પેડ અને કેડબરી અપાયેલ. સવારે ૧૦ વાગે નવકાર પઠન, આવકાર અને કાર્યક્રમ રૂપરેખા આપી પ્રસ્તાવના તથા સમજ અપાઈ.

પ્રારંભે અગાશી પર જીવદયા પ્રેરણારૂપે ૧૦ બંધ કબુતરોને આકાશમાં બાળકોના હાથે છોડીને મુક્ત કરાયા હતા જે બાળકોને ખુબ સહજભાવે સ્પર્શી ગયેલ અને મુંગા પશુ-પક્ષીઓ પ્રત્યે કરુણા ભાવનાની પ્રેરણા મળેલ.

ત્યારબાદ હોલમાં સર્વે બાળકોએ પોતાના પરિચય આપેલ. ત્યારબાદ વિવિધ મનોરંજન ગેમ્સ સાથે જ્ઞાનગમ્મત કરતાં કરતાં ધાર્મિક અને જ્ઞાતિ (સમાજ)ની પ્રાથમિક સમજ અપાઈ. વિવિધ પ્રશ્નોતરીમાં બાળકોને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા. ઘણાં બાળકો ધાર્મિક પાઠશાળામાં જઈ દેવવંદન, ચૈત્યવંદન, ગુરૂવંદન, આવશ્યક સામાયિક, પ્રતિક્રમણ ઇત્યાદિ શીખ્યા છે. જેનું ગૌરવ લઈ શકાય. અંગ્રેજી માધ્યમમાં ભણતાં છતાં ધર્મ, સમાજ વિષે ગળથુથી સંસ્કારો ખુબ મહત્વ રાખે છે તેવું અનુભવાયું. વિવિધ માહિતી અને સમજણ બાદ બાળકોને વક્તૃત્વ, લેખન, નેતૃત્વ લેવાની ભાવના, ગ્રુપ ડીસ્કશન, અમુક પ્રશ્નોતરીનું પ્રેઝન્ટેશન વગેરે પ્રયોગ કરાવવામાં આવ્યા. જેઓ સુંદરરીતે રજુઆત કરેલ. તેમને આકર્ષક ઇનામોથી નવાજી પ્રોત્સાહિત કરાયા. ઉગતી પેઢી જ્ઞાતિના પ્રવાહમાં જોડાયેલી રહે અને જ્ઞાતિ, સમાજ, ગચ્છ, ધર્મ અને વતન સાથે સંમ્મિલિત રહે તેવું સંસ્કરણ હળવી રમતો અને પ્રશ્નો સાથે અપાયું. એ પછી બાળકોને દેરાસરજીમાં જઈ પ્રેક્ટીકલી વિધિ અને જિનાલયના દરેક ઉપકરણોની સમજ, વિધિવિધાનનો મહિમા, રીત અને અર્થ સમજાવાયા. તેમના જિજ્ઞાસા પ્રેરક પ્રશ્નોના જવાબ અપાયા. પરંપરાગત વિધિ કરતાં છાત્રોને એ આરાધનાની મૂળ સમજ જાણી આનંદ થયો.

આ શિબિર બે સત્રમાં લેવાઈ, ધાર્મિક અને સામાજિક સંસ્કારોની પ્રાથમિક વિવેચના કરી સમજ અપાઈ, સમગ્ર કાર્યક્રમમાં શ્રી નિશિથ દંડ, શ્રી કમલેશ લાપસીયા (મુલુન્ડ) અને શ્રી કેવલ વિકમશીએ સુંદરરીતે રજુઆત કરી બાળકોને આનંદના વાતાવરણમાં જ્ઞાન પીરસવા જહેમત લીધી.

બપોરે સૌએ પ્રિતીભોજનનો લાભ લીધો. થોડા વિરામ બાદ બીજાસત્રમાં વિવિધ રમતો, પ્રશ્નોતરી અને સામાજિક વ્યવહારની વાતો શીખડાવાઈ.

બાળકોએ અને વડોદરાની કાર્યકર ટીમે મંચપરથી "KDO એટલે કમાલ ધમાલ ઓરગેનાઇઝશન" નામે એક સુંદર મજાનું આજની ઉગતી પેઢીને જ્ઞાતિ પ્રત્યેના લગાવમાં જોડી રાખવા પ્રેરણા આપતું સંસ્કારી-પારિવારિક નાટક





**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

રજૂ કરેલ. જ્ઞાતિ ભાવનાની શીખ આપતું આ નાટક સૌને ગમ્યું.

બાળકોના પાંચ ગ્રુપ પાડી વિવિધ રમત સ્પર્ધા દ્વારા જ્ઞાન કસોટી યોજાઈ અને તેમના સ્કોર મુજબ ટીમ વિજેતાઓ ઇનામ અપાયા.

સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતાએ સૌને આવકારી સમસ્ત મહાજનનાં આ પ્રથમ અને નાનકડા પ્રયાસને સૌ વધાવી લે એવી અપીલ કરી. શ્રી નિશિથભાઈ દંડના ઉદાર સહયોગ અને અન્યત્ર પણ આવી શિબિરો ગોઠવાય તેવા પ્રયાસ માટેની ઉત્સાહી તૈયારી બદલ તેમની અનુમોદના કરાઈ.

આ શિબિર માટે વડોદરાએ જે પહેલ કરી ઉત્સાહ પ્રેરણા આપી છે તે બદલ ભાગ લેનારા સૌનો આભાર અભિવ્યક્ત કરાયેલ. કાર્યક્રમ બાદ બાળકોએ કાર્યક્રમ વિષે પ્રતિભાવ આપ્યા હતા. ફરીવાર આવા કાર્યક્રમ યોજાય તેવી માંગ રાખી હતી. આખો દિવસ આનંદ ઉત્સાહ, જિજ્ઞાસા અને નિર્દોષભાવે સમજ મેળવી સંસ્કરણ શિબિરનો લાભ લેવાયેલ. મહાજનના કાર્યકરોએ પણ આ પ્રથમ પ્રયાસને વધાવી લઈ ભારતભરમાં આવી બાળશિબિરો યોજવા સુચન કરેલ. કાર્યક્રમ બાદ ચા-પાણી અલ્પાહારનો સૌએ લાભ લીધેલ.

### સાંયરા

અત્રે તા.૨૧-૧-૧૩ના કસ્તુરીબાઈ મેઘજી લોડાયા તરફથી સંઘમાં મહાકાળીની ભાવના હતી. તા.૨૬-૧-૧૩ના શ્રી મોહનલાલ નારાણજી રાજગોર હ. રસીલાબેન હસમુખ ભીંસરાવાળા તરફથી સંઘજમણ હતું. પુનમના જમણ પ્રસંગે વિવિધ દાતાઓ તરફથી કુલ રૂ.૨૨નું સંઘપુજન થયું.

### પરબ શક્તિ સંજીવની સોસાયટી

'પરબ'ના ઉપક્રમે જ્ઞાતિબહેનો માટે આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિતે "વીઝન-૨૦૧૩" "કાર્યેષુ મંત્રી" કાર્યક્રમ તા.૮-૩-૧૩ના બપોરે ૧૨.૩૦થી સાંજે ૭ સુધીમાં યોજેલ છે. કાર્યક્રમના મુખ્ય અતિથીવિશેષ 'ભારત જ્યોતિ' વિજેતા ડૉ. યોગીની વેરશી મૈશેરી પધારશે. આ કાર્યક્રમ શેઠ નારાણજી શામજી મહાજનવાડી-માટુંગામાં રહેશે. કાર્યક્રમમાં સ્વ સંરક્ષણ, પેઇન મેનેજમેંટ, અવયવ દાન, 'સુંદર સ્વસ્થ જીવનશૈલી "કલ આજ ઔર કલ" વિષયે ઉપયોગી માહિતી અપાશે. કાર્યક્રમ બાદ સભ્યોને ગીફ્ટ અને ચાપાણી અલ્પાહાર રહેશે. પરબની કાર્યકર બહેનોને નામ નોંધાવી વધુ જ્ઞાતિ બહેનો લાભ લે તેઓ અનુરોધ છે.

### સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી દ્વારા રક્તદાન શિબિર

સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલીના ઉપક્રમે પ્રથમ રક્તદાન શિબિર દાતાઓ માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર અને માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા પરિવારના સહયોગે તા.૩-૨-૧૩ના ડોંબિવલીની શ્રી કે.બી.વીરા શાળામાં યોજાઈ.

પ્રારંભે શ્રી હીરાલાલભાઈ ડાઘા અને કલ્પેશ મોતાએ દીપ પ્રકાશન અને માળારોપણ કરી શિબિરનો શુભારંભ કરેલ. આ શિબિરમાં યુવાએ ૯૭ બોટલ રક્ત એકત્ર કરી માનવતાવાદી કાર્યને સફળ બનાવ્યું હતું. ૨૩૫ જણાંએ શિબિરનો લાભ લીધો હતો. રક્તદાતાઓનું નિશુલ્ક બ્લડગ્રુપ અને ડાયાબીટીશ ચેક અપ કરાયું હતું. આ પ્રસંગે મુંબઈ મહાજન, ડોંબિવલી મંડળ, કચ્છ યુવક સંઘ અને અરીહંત બેંકના ડાયરેક્ટરો તથા બહારથી પણ અગ્રણી જ્ઞાતિજનો અને કાર્યકરો પધારેલ. આ શિબિરને સેવા બ્લડ બેંકના ડોક્ટરો, કર્મચારીઓનો સહયોગ મળ્યો. ગ્રુપના કાર્યકરોએ શિબિરને સફળ બનાવવા જહેમત લિધેલ.

### મા. કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ

ગૃહ ઉદ્યોગથી બહેનો તા.૧૩-૧-૧૩ના સર્વોદય પાર્શ્વનાથ (મુલુન્ડ)થી પુના-કાત્રજ-વિરાલયમ-શૈત્રુંજય અવતાર-પાર્શ્વ પ્રજ્ઞાલય (તળેગાંવ) તથા નારાયણી ધામનો પ્રવાસ ગોઠવેલ. મહિલા મંડળની ૨૫ બહેનોને સૌ. મધુરીબેન કિશોરચંદ્ર વિકમશી (જખૌ) તરફથી યાત્રા લાભ મળેલ. આ યાત્રાપ્રવાસમાં સૌ. મધુરીબેન કિશોરચંદ્ર વિકમશી, સૌ. દીપા હીરેન નાગડા, સૌ. મીના પંકજ લોડાયાના સાથ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

પુ.આ.શ્રી ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ વર્ષે આપણી જ્ઞાતિની દીકરીઓ જે સંયમ માર્ગે શાસન સેવામાં સમર્પિત થઈ છે એ સર્વે ભવિ આત્માઓને અહોભાવે વંદન, અનુમોદના અને સંયમ પંથ ઉજમાળ બને તેવી શુભેચ્છાઓ.
– "તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

સહકારથી સફળ થયો. તેમજ શ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ અને મુંબઈ મહાજનના વ્ય. સમિતિ સભ્ય કુસુમબેન મેપાણી આ યાત્રા માટે સુંદર સાથ સહકાર આપેલ.

### ભુજ-શંખેશ્વર-શત્રુંજય સંઘનું ઠેરઠેર સ્વાગત

પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા-નિશ્રાએ ભુજથી શંખેશ્વર તીર્થ-શત્રુંજય મહાતીર્થ છ'રિપાલક યાત્રા સંઘનું વાગડ પંથકમાં મનફરા, ચોબારી, સુવઈ, રાપર શહેર ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

મનફરા-શાંતિનિકેતન ખાતે વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિના પણ સંઘયાત્રા દરમ્યાન દર્શન થયેલ. સુવઈ ખાતે જૈન સંઘના વાડીલાલ રતનશી સાવલા વિગેરેએ અનુમોદનીય ભક્તિ કરેલ. રાપરના અગ્રણીઓ શ્રી ધીરૂભાઈ સીરીયા, નવીન મહેતા, નવીન પારેખ વગેરેએ ગુરૂગુણ ગૌરવયાત્રાનાં નગરપ્રવેશ ધામધૂમથી કરાવેલ.

પ્રાગપર, ભુટકીયા ખાતે પણ જોરદાર સામૈયું થયેલ. તા.૩૧-૧ના આડેસર સ્થીરતા કરી પાટણ જિલ્લામાં થઈ. તા.૭-૨ના શંખેશ્વર ખાતે પ્રવેશ કરશે. તા.૮-૨ના સંઘમાળનો કાર્યક્રમ નક્કી થયેલ છે.

### સૌ. જશ્મીનાબેન છેડા દ્વારા રેડીયો કાર્યક્રમ

શ્રીમતિ જશ્મીનાબેન જયંત છેડા (નલીયા-મુલુન્ડ) તા.૧૮-૨-૧૩ના બપોરે ૧૨.૩૦ કલાકે આકાશવાણી-ઓલ ઈન્ડીયા રેડીયોપર ગુજરાતી મહિલા મંડળના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં કચ્છી વાનગીઓ બનાવવાની રીત પ્રસ્તુત કરશે. સર્વે જ્ઞાતિ બહેનોને આ વાનગી કાર્યક્રમ માણવા અપીલ છે.શ્રીમતી જસ્મીનાબેન છેડા આ અગાઉ કચ્છી તેમજ વિવિધ અવનવી વાનગીઓની રીત-સામગ્રી વિષે પુસ્તક પણ સંકલિત કર્યા છે.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુના

શ્રી પુના સંઘ દ્વારા ૨૫ થી ૩૦ વર્ષના વય જુથના જ્ઞાતિ યુવાઓ માટે 'Enhancing Personal Effectiveness' (વ્યક્તિગત પ્રભાવ વધારવાની શીખ) આપતી એક દિવસીય કાર્યશાળા તા.૧૩-૧-૧૩ના યોજેલ. આ કાર્યશાળાનું સંચાલન પ્રસિધ્ધ મેનેજમેન્ટ ટ્રેઈનર સૌ. પરવીનબેન પ્રસાદ દ્વારા કરવામાં આવેલ.

પ્રથમ સત્રમાં Value Building (વેલ્યુ બીલ્ડીંગ) વિષય પર હતો. ભાગ લેનારે પોતાના બે ગુણ (Values)ને લગતાં કાર્ડસ પસંદ કરવાના હતા. જેમાં પોતાના ગુણોના આત્મનીરીક્ષણનો મોકો મળ્યો દરેકમાં મંતવ્યો બાળપણથીજ ગુણો છીપાયેલા હોય છે. પરંતુ સમયાંતરે વ્યક્તિત્વ ખીલે છે. સમયોચિત ફેરફાર સાથે તે ગુણોને કેળવવા પડે છે.

બીજા સત્રમાં ઈમોશનલ, ઈન્ટેલીઝન્સ (EI)ને લગતી સમજ અપાઈ. વ્યક્તિનું વર્તન જ તેની ખરી છબી છે. વ્યક્તિના સ્વભાવ, મુડ સ્વીંગઝ અને વર્તન પર EI નો બહુ પ્રભાવ હોય છે. વ્યક્તિ એ પોતાની ભીતર જોઈ પોતાને સમજવું જરૂરી છે. વ્યક્તિની દરેક પ્રકારની પરિસ્થિતિ સમજવાની આવડત અને તે પ્રમાણે વર્તવાની સમજ જ તેને સફળતાના શિખરે લઈ જાય છે. વિવિધ ઉદાહરણો દ્વારા આ જટિલ વિષયની સમજણ પરવીનબેને સરળ શબ્દોમાં આપી ત્યારબાદ 'જોહારી વિન્ડો' (Johari Window) નામક પરીક્ષણ દ્વારા ભાગ લેનાર દરેકને એ પ્રમાણે પોતાનું વ્યક્તિત્વ ક્યાં છે અને ક્યા સુધારાની જરૂરિયાત છે. તે ગ્રાફ દ્વારા સામે દર્શાવાયેલ પરવીનબેન દ્વારા દરેક યુવાને તે બાબત માર્ગદર્શન અપાયેલ.

ભોજન બાદ કોચીંગ અને લર્નીંગ સ્ટાઈલ પર વર્કશોપ થયેલ. આજે વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનમાં કોઈ પણ ભેદ વિના વ્યક્તિએ એક બીજા પાસેથી શીખવું અને શીખવવું જરૂરી છે. આજે વ્યક્તિત્વ વિકાસની ગુરૂ ચાવી છે. કોચીંગ પ્રોસેસ દ્વારા નવું શીખવાનું અને આગળ વધવાની તક મળે છે. જેના થકી પરફોરમન્સમાં સુધારો થાય છે. 'રોલ પ્લેઈંગ'ની આ રજુઆતને દરેકે આ વિષય ઉત્સાહથી માણ્યો. બીજી વ્યક્તિ સાથે ઈફેક્ટીવ વ્યવહાર કેવી રીતે કરવો, તેની શીખ અપાઈ.

ચા-પાણીના વિરામ બાદ છેલ્લા સત્રમાં ભાગ લેનાર


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

યુવાઓની ટીમ પાડી તેમને વિવિધ વિષય અપાયા જેનાપર ગ્રુપમાં પાંચ મીનીટ ચર્ચા કરી, ટીમ વતી પોતાના વિચારો એક સભ્યે જણાવવાના હતા. આ ચર્ચાસત્રનાં વિષયો પુના માટે વિઝન-૨૦૨૦ શું યુવાઓ જ્ઞાતિ પ્રવૃતિથી દુર જઈ રહ્યાં છે, જ્ઞાતિ કે સમાજની શું ખરેખર જરૂરિયાત છે? સ્ટ્રેસ અને આપણું જીવન વગેરે.

આ ચર્ચાસત્રમાં યુવાઓએ ઉમંગભેર ભાગ લઈ રસપ્રદ રીતે પોતાના મંતવ્યોની રજુઆત કરી હતી. યુવાઓએ આ મંચ પરથી સંદેશ આપેલ કે તેઓ પણ જ્ઞાતિની પ્રવૃતિઓમાં રસ ધરાવે છે. આજના યુવાને સંલગ્ન વિષયો પર આધારિત કાર્યક્રમોમાં વિશેષ રૂચી છે. યુવા પર વિશ્વાસ મુકીને જે કોઈ જવાબદારી અપાશે તો તે જરૂરથી પાર પાડશે. આ ઉપરાંત આવતા દશ વર્ષમાં પુના સંઘનું સ્વતંત્ર કોમ્યુનીટી હોલ, વિદ્યાર્થીઓ માટે રહેવાની સગવડ, લાયબ્રેરી, નોકરી મેળવવા મદદરૂપ થતું જોબ પોર્ટલ વગેરેનું સ્વપ્ન સામે મુક્યું હતું અને તે સાકાર કરવા યુવાઓ કટિબધ્ધ છે. તેમ જણાવ્યું હતું. આ કાર્યશાળા થકી યુવા ઉત્કર્ષની પ્રવૃત્તિથી સંઘના યુવાઓને એક સાથે આવવાનો મોકો મળ્યો, એકબીજાને જાણી આપસમાં અનુભવો વહેંચવાનો અવસર મળ્યો અને કંઈક નવી શીખ મળી, તેથી આવી પ્રવૃત્તિઓ ભવિષ્યમાં પણ ફરી ગોઠવવાનો અનુરોધ કરવામાં આવ્યો.

અંતે પરવીનબેનનું પુના સંઘ તરફથી સન્માન કરી, તેમણે જ્ઞાતિના યુવાઓ માટે પોતાનો અનુભવ અને બહુમુલ્ય સમય ફાળવ્યો તે માટે તેમનો આભાર માનવામાં આવ્યો. આ ઉપરાંત શ્રી હેમલ લોડાયાનો આભાર માનવામાં આવેલ. જેમનાં માધ્યમે સંઘને કાર્યશાળા માટે હોટેલની વ્યવસ્થા વ્યાજબી રીતે થઈ શકી. આભારવિધિ બાદ કાર્યક્રમ સંપન્ન થયેલ.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

તા.૧૭-૨-૧૩ના બપોરે ૩ વાગે ભાંડુપમાં શેઠ શ્રી નરશી નાથા બેંકવેટ હોલમાં યોજેલ વાર્ષિકોત્સવ તથા સ્નેહમિલનમાં મહિલામંચના વરાડીયા નિવાસી સર્વે સભ્યોને સપરિવાર તથા પરિણિત નિયાણીઓને સભ્યોને સજોડે પધારવા નિમંત્રણ છે. કાર્યક્રમમાં પખાવાજ, ભક્તિગીતો તથા વિવિધ ઈનામી રમતોનો સમાવેશ છે. સાંજે ચોવિહારની વ્યવસ્થા સાથે પ્રીતિભોજન રહેશે.

### શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ (વરાડીયા)

તા.૧૭-૨-૧૩ના સવારે ૮.૪૫ વાગે ભાંડુપમાં શેઠ શ્રી નરસી નાથા બેંકવેટ હોલમાં યોજેલ સંળગ ૨૧મી પહેડીના દાતા મા. કસ્તુરબાઈ દામજી વેલજી ડાઘા પરિવાર તથા મા. ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર છે. વરાડીયા ઉપરાંત નલિયા, તેરા, કોઠારા, ગોએરસમાના ડાઘા પરિવારોને સહપરિવાર તથા તેમની પરિણિત નિયાણી બેનોને સજોડે પધારવા મંડળનું આમંત્રણ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

સમિતિના ઉપક્રમે તા.૨૦-૧-૧૩ના મુલુન્ડમાં મોતી પચાણ શાળામાં સર્વે મહાજનોના કાર્યકરોની બેઠક શ્રી છત્રપતિભાઈ દંડના પ્રમુખસ્થાને યોજાઈ. નવકારપઠન અને આવકાર બાદ માનદમંત્રી શ્રી વિનોદ ધુલ્લાએ વસતીપત્રક કાર્યવાહીની અદ્યાવત વિગતો આપી હતી. બાકી રહેતા ચારેક હજાર જ્ઞાતિજનોની માહિતી જલ્દીથી ભરાઈને આવે તેવી અપીલ કરાઈ હતી. આ બેઠકમાં વસતીપત્રક વેબસાઇટનો ડેમો દર્શાવવામાં આવેલ. જ્ઞાતિજનોની બાકી રહેતી માહિતી માટે વિવિધ મહાજનોને તેની યાદી અપાઈ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે તા.૨૬-૨૭/૧/૧૩ના બે દિવસીય વ્યાપાર-આનંદ મેળો મુલુન્ડ (ઈ)માં સેનરૂફ ગ્રાઉન્ડમાં યોજાયેલ. હજારો જ્ઞાતિજનો સહભાગી થઈ વિવિધ સ્ટોલ્સ, આનંદ પ્રમોદ કાર્યક્રમ માણ્યા હતા. જ્ઞાતિ સંસ્થાઓની વિભિન્ન મીટીંગો યોજાઈ જેમાં સમસ્ત મહાજન દ્વારા મુંબઈ મહાજનનાં આંગણે જનજાગરણ અને પોતાના ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની બેઠકો યોજાઈ હતી. શેઠ નરસી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે મેડીકલ સહાયતા વિષે ઉપયોગી સેમીનાર અને રક્તદાન શિબિર યોજાયેલ. માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગના સ્ટોલ્સનો જ્ઞાતિજનોએ સારો લાભ લીધો. ખાનપાન વ્યવસ્થાનો સ્ટોલ ફાઈવસ્ટાર કેટરર્સનો


શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

હતો. મહાજનશ્રીની એજ્યુસપાર્ક સમિતિ દ્વારા શૈક્ષણિક સહાયતા અંગે સેમીનાર યોજાયેલ. મહિલાપાંખ દ્વારા બહેનોને ઉપયોગી ગ્રુપ ડીસ્કશન સેમીનારમાં પણ ઘણી બહેનોએ ભાગ લીધેલ. મહાજનશ્રીની પ્રવૃતિ, માહિતી અને યોજનાઓ અંગે પ્રવેશદ્વારપર કાઉન્ટર રખાયેલ જેમાં લાગા, SMS સેવા રજીસ્ટ્રેશન, શૈક્ષણિક-તબીબી-સગપણ સેતુ આદિ માહિતીના કાઉન્ટરો પર સેવા અપાઈ. વસતીપત્રક સમિતિએ પણ કાઉન્ટરપર જ્ઞાતિજનોને વિવિધ પુછપરછ સેવા આપી હતી.

આ પ્રસંગે તા.૨૬-૧ના જ્ઞાતિજનોએ દાંડીયા રાસ ગરબા રમી આનંદ માણેલ. બીજા દિવસે શ્રી કિશોર સોઠા અને ગાયક કલાકારોએ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ આપેલ. તા.૨૭-૧નાં મહાજનશ્રી, વિદ્યાર્થીસંઘ અને ડોંબીવલી મંડળ દ્વારા ખેલ કેડીઓ-૨૦૧૩ રમતોત્સવ યોજાયેલ. જેમાં યુવાઓએ વિવિધ રમત સ્પર્ધાઓમાં ઉમંગે ભાગ લીધેલ.

જ્ઞાતિના ઉગતા વ્યવસાયિકો વ્યાપાર સાહસોને પ્રોત્સાહન આપવા આ મેળામાં સુંદર મંચ મળ્યું. મહાજનશ્રીના આ પ્રયાસે મુંબઈગરા અને બહારથી પધારેલ જ્ઞાતિજનોએ પણ આ મેળાનો સામાજિક એકતા અને આત્મીય લાગણીના સેતુરૂપ લાભ લીધેલ.

વિશાળ ગ્રાઉન્ડમાં સુંદર સ્ટેજ અને તમામ વ્યવસ્થા પ્રશંસનીય રહી. આ મેળાની સફળતા માટે મહાજનશ્રીની ટીમે સુંદર જહેમત લીધી.

## શ્રી કાંજુરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ

સંઘમાં ૧૬-૧-૧૩ના 'નરેન્દ્ર-અરૂણ-ધૈર્ય-જ્ઞાન-સમ્યગ વાટીકા"ની બીજી વર્ષગાંઠ નિમિત્તે પૂ.સા.ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં બાળકોની ધાર્મિક પરીક્ષા લઈને જ્ઞાનશાળાના લાભાર્થી માતુશ્રી સોનબાઈ મેઘજી ગોસર (બાયઠ-ઘાટકોપર) તરફથી પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા.

## કોચીનમાં જીવદયા કાર્ય

એરનાકુલમ (કોચીન) માં કેરાલા ટુરીઝમ દ્વારા ગ્રાન્ડ શોપીંગ ફેસ્ટીવલ ગ્લોબલ વિલેજ પ્રદર્શનમાં કુકડા-બકરાના લડાઈ ખેલ શૉ યોજે છે જેમાં પક્ષીઓ ક્રુર રમતમાં ઘાયલ થાય છે. આવી હિંસક રમતો પર પ્રતિબંધ લાદવા જૈન ફાઉન્ડેશન-કોચીનમાં શ્રી મુકેશ માણેકજી લોડાયાએ જહેમત લીધી અને ફરીયાદ નોંધાવી જેના પગલે ટુરીસ્ટ વિભાગે આવી હિંસક રમતો દ્વારા અબોલ જીવોની હિંસાનો પ્રતિબંધ લગાવેલ છે. એસો.ના સભ્ય શ્રી શાહનવાજઅલીએ પણ સહયોગ આપેલ. હવેથી દરેક સરકારી કાર્યક્રમોમાં ક્રુર ખેલ દશ્યો બંધ કરાયા છે.

## લાલા તીર્થમાં સચ્ચાઈ માતાની પ્રતિષ્ઠા

લાલા તીર્થમાં કુળદેવી સચ્ચાઈમાંને નમતા દંડ પરિવારના ભાવિકોદ્વારા તા.૨૭-૧-૧૩ના આરસની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ ધામધુમથી ઉજવાયો. મુંબઈ તથા બહારગામથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. આ ઉત્સવનો લાભ વગર ઉછામણી એ, સર્વે લાલા દંડ પરિવારોએ સાથે મળીને લીધેલ. સચ્ચાઈમાંને નમતા ભાવિકોને દર્શન/ વંદનાર્થે લાલા તીર્થે પધારવા આમંત્રણ છે.

## સિધ્ધાચલમાં સિધ્ધચક્ર પૂજન

આ વર્ષે ભારતભરમાં અચલગચ્છ પ્રવર્તક પૂ.આ.આર્યરક્ષિતસૂરિ મ.સા.ની નવમ શતાબ્દી તથા પૂ.શ્રી ગુણસાગરસૂરિ મ.સા.ના જન્મશતાબ્દીની ઉજવણી વિવિધ રૂપે થઈ રહી છે. સુંદર શાસન પ્રભાવનાના કાર્યો સર્વત્ર ગોઠવાઈ રહ્યા છે. શતાબ્દી અનુમોદના સાથે વર્તમાન ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ.સા. હરખશ્રીજી મ.સા. ના ૧૦૬માં જન્મ વર્ષ અને પૂ.સા. રતનશ્રીજી મ.સા.ના ૧૦૪મા જન્મ વર્ષ નિમિતે પૂ.સા. ચંદ્રોદયશ્રીજી મ.સા.ના ૫૬મા સંયમ વર્ષ નિમિતે તથા પૂ.સા. જિનગુણાશ્રીજી મ.સા.ના સંયમ રજત વર્ષની અનુમોદનાર્થે તા.૨૧-૨-૧૩ શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ગુરૂભક્તો તરફથી રાખવામાં આવેલ છે. એ દિવસે સર્વે કચ્છી દેરાસરોમાં ભવ્ય અંગરચના કરવામાં આવશે તથા સર્વે જિનાલયોમાં અષ્ટપ્રકારી પુજાની સામગ્રી અર્પણ કરવામાં આવશે. કચ્છી દેરાસરોના પૂજારીઓનું સ્ટીલના ટીફીન બોક્સ ભેટ આપી બહુમાન કરવામાં આવશે. આ પ્રસંગે


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઇમ્બતુર)

શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

પધારી જિનભક્તિનો લાભ લેવા સહુ ધર્મપ્રેમીઓને આમંત્રણ છે.

## કુ. રૂચિબેન અને કુ. નિરાલીબેનની દીક્ષા સંપન્ન

દેવ-ગુરૂ કૃપાથી માતુશ્રી જમકુબેન ચંદુલાલ આણંદજી શિયાડ પરિવાર (તેરા-ઘાટકોપર)ની સુપુત્રીઓ મુમુક્ષુરત્ના રુચિબેન મુકેશ શિયાડ તથા નિરાલીબેન મુકેશ શાહની દિક્ષા ગંધાર તીર્થે તા.૧૬-૧-૧૩ના ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં આનંદ-ઉલ્લાસે સંપન્ન થઈ. તેઓ તપાગચ્છમાં રામચંદ્રસૂરીશ્વરજી સમુદાયમાં સાધ્વીજી બન્યા છે.

દીક્ષા બાદ રુચિબેનનું નામ પૂ.સા. તત્ત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા. તેઓના ગુરૂનું નામ પૂ.સા.પ્રશમિતાશ્રીજી મ.સા. તથા નિરાલીબેનનું નામ પૂ.સા. નિર્વાણપ્રજ્ઞાશ્રીજી મ.સા. તેઓના પૂ.સા. તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.છે.

## દિગ્રસ અચલગચ્છ જૈન સંઘ

જિર્ણોધ્ધારીત જિનાલયે જિનબિંબો-ગુરૂબિંબ-દેવદેવીબિંબોની પુનઃ પ્રતિષ્ઠા તા.૧૭-૧-૧૩ થી તા.૨૩-૧-૧૩ સુધી પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.આ.ઠા.૩ તથા પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.આ.ઠા.૩ ચતુર્વિધ સંઘની હાજરીમાં આનંદ સંપન્ન થઈ. વિધિવિધાન માટે શ્રી કેવલભાઈ સાવલા તથા સંગીતકાર શ્રી સુશીલભાઈ શાહ પધારેલ. પૂજ્ય ગુરૂદેવ અત્રેથી વિહાર કરી યવતમાલ જિનાલયની સાલગિરી પ્રસંગે નિશ્રા આપવા ગયેલ.

## શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ-યવતમાલ

યવતમાલ નગરે કુંથુનાથ જિનાલયની વર્ષગાંઠ પોષ વદ-૧ તા.૨૭-૧-૧૩ના પૂ.મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં આનંદથી સંપન્ન થઈ. ૧૮ અભિષેક તથા સત્તરભેદી પૂજા કરાવવા મુંબઈથી શ્રી ચિરાગભાઈ સંગોઈ પધારેલ પ્રભુભક્તિની રમઝટ સૌ. અંજુબેન નાગડા અને પાર્ટીએ બોલાવી.

ધ્વજા ચડાવાનો લાભ : શ્રી અતુલભાઈ શાહ-મુંબઈ, શ્રી રાહુલભાઈ મહેતા-મુંબઈ, શ્રી દિપેનભાઈ કેનિયા-યવતમાલ સંયુક્ત રીતે લીધેલ. સ્વામિવાત્સલ્યનો લાભ : સ્વ.સૌ. રેવંતીબેન વિરચંદ મૈશેરી (જખૌ-યવતમાલ) પરિવારે લીધેલ. વાર્ષિક ચઢાવા પણ એજ દિવસે બોલી બોલાવતા સારા થયેલ છે.

પૂજ્ય ગુરૂભગવંતો એ તા.૧-૨-૧૩ સુધી સ્થિરતા કરી પ્રવચન જિનવાણીનો લાભ આપેલ. અહીંથી ભદ્રાવતી તીર્થ (ભાંડકજી) તરફ વિહાર કરેલ છે. તા.૨૮-૧-૧૩ના દિગ્રસથી પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.આ.ઠા.૩ યવતમાલ પધારેલ અને ત્યાંથી શ્રી ભદ્રાવતી તીર્થ તરફ વિહાર કરેલ.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-કોચીન

તા.૯-૧-૧૩ જ્ઞાતિ-આંતર જ્ઞાતિ લગ્નો વિષે ચર્ચા પરિસંવાદ ગોઠવાયેલ. તા.૬-૨-૧૩ના 'રક્ષા-સ્કુલ'ના બે વિદ્યાર્થીઓ તથા શિક્ષિકા મિનલબેન મૈશેરીએ જેલી માંથી વિવિધ કલર ફૂલ મીણબત્તીઓ કેમ બનાવવી તે દાખવેલ. વિદ્યાર્થીઓને લીલમબેન તરફથી ભેટ અપાઈ. તા.૨-૩ જુનના મહિલા મંચે 'હાસ્ય ચિકિત્સા' વિષે શિબિર સમસ્ત કોચીન-ગુજરાતી સમાજ માટે કરેલ. આ પ્રસંગે કોઈમ્બતુર થી નીતિનભાઈ અને ઉર્વશીબેન લોડાયાને ઉષાબેન કુરવાએ આમંત્રણ આપીને બોલાવેલ. તેમણે આજના સ્ટ્રેસભર્યા જીવનમાં હાસ્ય એ કેટલું મહત્વનું છે તેના વિષેની જાણકારી આપી હાસ્ય સાથેની સરળ હળવી કસરતો કરી બતાવી હતી. મંચ તરફથી તેમને મોમેન્ટો આપવામાં આવેલ. તા. ૨૦ જૂનના કચ્છી નૂતનવર્ષ અષાઢી-બીજના મહિલામંચે


વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234



K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન




મહાકાલીમાતાજીની ભાવના કરી હતી.

તા. ૩૦ જુલાઈમાં નાની ગીફ્ટ માટે સુશોભિત આર્ટ પેપરમાંથી બેગ બનાવવાની હરીફાઈ રાખી હતી. તા.૨૪ સપ્ટેમ્બરના લોહાણા સમાજ માંથી આવેલ નેહાબેન સક્રાણીએ વિવિધ પ્રકારની ચોકલેટ, કેડબરી બનાવવાનું શીખવાડેલ તેમને હંસાબેન દંડ તરફથી મોમેન્ટો આપવામાં આપેલ.

તા.૧૩ ઓક્ટોબરના પારંપારિક દાંડિયા-રાસના કાર્યક્રમમાં જ્ઞાતિના ૬૫ને તેથી વધુ વર્ષના વડિલ બહેનોને તીલક કરીને વડિલોનું હાર્દિક સ્વાગત કરાયેલ. વડિલો તરફથી જુગ્નાબેન લાલકાએ મંચને કવર ભેટ આપીને કુટુંબ અને સમાજ પ્રત્યેથી લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી સતીષભાઈ દ્વારા ઢોલના તાલે સૌ સાથે મળીને મટુકરી, ઢોલરાંઘને દાંડીયારાસની રમઝટ જમાવી. કમિટી મેમ્બરોએ જાતે બનાવેલ દૂધપાક-પૂરીનું સ્વાદીષ્ટ ભોજન લઈ ઉત્સાહ અને ઉમંગ સાથે સૌ સભ્યો છુટા પડ્યા હતા. મંચ તરફથી સતીષભાઈને કવર ભેટ અપાયેલ.

તા.૩ ડીસેમ્બરે તાજા ફળો અને શાકભાજીમાંથી બનાવેલ શરબતની હરીફાઈ રાખી હતી. દરેક હરીફાઈમાં મંચ તરફથી પ્રથમ અને દ્વિતિય ઇનામ તથા ભાગલેનાર બહેનોને આશ્વાસન ભેટ આપવામાં આવેલ. જે સભ્ય બહેનો પોતાની આગવી કલા મંચમાં ડેમોન્ટ્રેશન કરીને બતાવે છે તેમને પણ મંચ તરફથી પ્રોત્સાહિત કરાય છે. સાસરે જતી જ્ઞાતિની દીકરીઓને પણ મંચ તરફથી સ્મૃતિરૂપે ભેટ અપાય છે. પર્યુષણ પર્વ દરમિયાન તપસ્વી ભાવનાબેન મુકેશ લોડાયાને ભેટ આપવામાં આવી હતી.

અખિલ દ.ભા. એકમ મહિલામંચ હાલમાં કલીકટની બહેનો સંભાળે છે. તેમણે કાર્ડ બનાવવાની, સાડી કવર બનાવવાની હરીફાઈ રાખી હતી. તેમાં કોચીનના સભ્યોએ ભાગ લીધેલ. વંદનાબેન દંડ તથા રિંકુબેન લોડાયા પ્રથમ વિજેતા બન્યા. જૈનોલોજીની ધાર્મિક જ્ઞાનની પરીક્ષામાં ૯૯/૧૦૦ માર્ક મેળવનાર પદમીનીબેન અને સુજાતાબેન મૈશેરી જૈન સમાજમાં પ્રથમ આવ્યા હતા તે બદલ મંચ વતી તેમને ભેટ અપાઈ.

## અમરાવતી

અત્રે તા.૨૬-૧-૧૩ના પૂ.કીર્તિરત્નવિજયજી મ.સા. પધારેલ અને દાદાવાડી ઉપાશ્રયે વ્યાખ્યાવાણી લાભ આપેલ. સાંજે રાજીબાઈ ધર્મશાળા ગયેલ. તા.૨૭-૧ના દાદા ગુરૂ દેવની પુજા ભણાવાઈ. બપોરે ગૌતમપ્રસાદી જમણ હતું.

મહિલામંચની બેઠક તા.૨૧-૧-૧૩નાં શ્રીમતિ વિમલાબેન છેડાની અધ્યક્ષતામાં સૌ. યોગીતાબેન મનીષ દંડનાં ઘરે મળેલ. નવકાર પઠન બાદ નવાવર્ષની શુભેચ્છા, નવી સભ્યફી ઉઘરાણી, અને કચ્છી અટકની ગેમ રમાડાઈ જેમાં પ્રથમ વિદ્યાબેન વિપુલ ઘરમશી અને બીજી શ્રીમતી લક્ષ્મીબેન ઉતમચંદ દંડ આવ્યા. તિલગુડ અને અલ્પાહારથી સંક્રાંતિ ઉજવણી થઈ. અત્રે જ્ઞાતિના ૧૯ ઘર છે. ભદ્રાવતીતીર્થમાં નૂતન જિનાલયની પ્રતિષ્ઠા ફેબ્રુઆરીમાં છે.

## નલીયા બાળાશ્રમ કેસના આરોપીઓને જેલ સજા

ગત વર્ષે નલીયા બાળાશ્રમમાં દુર્દૈવી બલાત્કાર ઘટનામાં વિશેષ અદાલતે સર્વે સાક્ષી, પુરાવા અને દસ્તાવેજો તપાસી સર્વે સંબંધિતોને સાંભળીને પોતાની નિવૃત્તિ પુર્વે છેલ્લો ચુકાદો આપતાં ન્યાયધીશ રામીએ ૫૯ પાનાં ચુકાદામાં આરોપી દંપતિને ૧૦ વર્ષની જેલની સજા અને વધારામાં રૂા.૨૫ હજારનાં દંડ ફરકારેલ. ફરીયાદી બાલિકાને રૂા.૨૫ હજારનું વળતર ચુકવવા આદેશ આપેલ. કમનશીબે બાળાશ્રમને આ ઘટના બાદ શતાબ્દિ વર્ષે જ બંધ કરવાની ફરજ પડી હતી.

## શ્રી દાદા ભલારા ટ્રસ્ટ-તેરા

તેરામાં દાદા ભલારા સ્થાનકે તા.૧૨-૪-૧૩ની પહેડી પ્રસંગે પધારવા સૌને આમંત્રમ છે. જેના લાભાર્થીદાતા કુંતલ મહેન્દ્ર કલ્યાણજી નાગડા પરિવાર (તેરા) તા.૧૫-૫-૧૩નો ધજા, ગંધી બદલી અને પહેડી પ્રસંગે સર્વે ભાવિકોને તેરા પધારવા આમંત્રણ છે. આ કાર્યક્રમના સંપુર્ણ લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન મણીકાંત મુલજી મોતા પરિવાર (તેરા) હા. ચૈત્ય, ક્રીયા મોતા છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા મહાકાળી માતાજીની ભાવના તા.૨૪-૨-૧૩ના શ્રી વાસુપુજ્યસ્વામી જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર (નલીયા) લીધેલ છે. ત્યારબાદ તા.૨૪-૩-૧૩ના ભાવનાનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર (જખૌ)એ લીધેલ છે.

## પાસ થયા - હાર્દિક અભિનંદન !

કુ. મેહલ મહેશ ઘરમશી-ડોંબિવલી CA

શ્રી કલ્પેશ સુરેશ શિયાલ-મુલુન્ડ CA

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ

સંઘ દ્વારા તા.૨૦-૧-૧૩ના અનંતછાયા પટ્ટાંગણમાં યોજાયેલ સ્પર્ધાઓના વિજેતાઓની યાદી

| સ્પર્ધા | પ્રથમ | દ્વિતીય |
|---|---|---|
| | **૧) બેસ્ટ હેન્ડરાઈટીંગ** | |
| ૫-૮ વર્ષમાં | સોહમ લોડાયા | રોશની લોડાયા |
| ૯-૧૨ વષજમાં | નૈતીક નાગડા | રિધ્ધિશ પોલડીયા |
| ૧૩-૧૫ વર્ષમાં | ખુશ્બુ લોડાયા | સિધ્ધી મોમાયા |
| ૧૬-૩૫ વર્ષમાં | રોમીલ લોાયા | ઊર્મીલ લોડાયા |
| | **૨) પોયેટ્રી રેસીટેશન** | |
| | યુગ લોડાયા | રોશની લોડાયા |
| | **૩) ડ્રોઈંગ** | |
| ૫-૮ વર્ષમાં | મોહીત શાહ | રોશની લોડાયા |
| ૯-૧૫ વષજમાં | આશી શાહ | રિધ્ધિશ પોલડીયા |
| **૪) પોટ પેંટીંગ** | નીલમ નાગડા | રિધ્ધિશ પોલડીયા |
| સ્પેશીયલપ્રાઈઝ | આશી શાહ | |
| | **૫) પોયેટ્રી રાઇટીંગ** | |
| ૧૩-૧૫ વર્ષમાં | ખુશ્બુ લોડાયા | આશી શાહ |
| **૬) એમ્બ્રોડરી** | લીના હીતેન લોડાયા | હેતલ માલદે |
| **૭) ચેસ** | | |
| ૯-૧૫ વર્ષમાં | જુગલ પોલડીયા | નિર્મલ નાગડા |
| ૧૫-૩૫ વર્ષમાં | નિખીલ દંડ | રાજેશ દંડ |
| **૮) રંગોલી** | | |
| ૮-૧૫ વર્ષમાં | ખુશ્બુ લોડાયા | આશી કલ્પેશ શાહ |
| ૧૬-૩૫ વર્ષમાં | પુજા મૈશેરી | નેહા અજીત શીયાલ |
| | તૃતીય-જિનલ લાલકા | |
| **૯) મહેંદી** | નેહા શીયાલ | નીકીતા મૈશેરી |
| | તૃતિય-જિનલ લાલકા | ચતુર્થ-બીના મૈશેરી |
| **૧૦) સુડોકુ** | અમી શાહ | કલ્પેશ ઘરમશી |
| | **૧૧) ગહુંલી** | |
| ગ્રુપ એ | જય લોડાયા | હેતલ માલદે |
| ગ્રુપ બી | ભવ્યા પટેલ | નેહા શીયાલ |

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ દ્વારા તા.૨૫-૧-૧૩ના લાયન્સ કલ્બ, મુલુંડ (વે)માં સ્પર્ધાઓ યોજાયેલ.

**'ખેલ-૨૦૧૩'** જેમાં વિજેતા થયેલ સભ્યોની યાદી:

**કેરમ-સીંગલ** પ્રથમ-સતીશ મહેન્દ્ર મૈશેરી
રનરઅપ-હર્ષ મહેન્દ્ર લાપસીયા

૧૫ વર્ષથી ઉપર પ્રથમ-કરન અરવિંદ દંડ
દ્વિતીય-ઉજવલ ચાંપશી હેફા
તૃતીય-રીષભ નીતિન મોતા

**કેરમ-ડબલ્સ**

૧૫ વર્ષથી નીચે પ્રથમ- સતીશ મહેન્દ્ર મૈશેરી અને
જય અનીલ ધુલ્લા
રનરઅપ- હર્ષ મહેન્દ્ર લાપસીયા
અર્જુન રાયચંદ નાગડા

૧૫ વર્ષની ઉપર પ્રથમ - કરન અરવિંદ દંડ
ઉજવલ ચાંપશી હેફા
રનરઅપ- દીપ હીરાચંદ છેડા
ચિરાગ મહેશ ખોના

**લેડીઝ કેરમ સીંગલ**

૧૫ વર્ષથી ઉપર પ્રથમ - કવિતાબેન મહેન્દ્ર લાપસીયા
રનરઅપ- તેજલ ખીંરિશ ઘ્રોળ

**લેડીઝ કેરમ ડબલ્સ**

૧૫ વર્ષથી ઉપર પ્રથમ - તેજલ ખીંરિશ ઘ્રોળ
ઘર્મિતા કીરીટ લોડાયા
રનરઅપ કવિતાબેન મહેન્દ્ર લાપસીયા
ઉર્વી નિરેન લોડાયા

**ટેબલ ટેનિસ સીંગલ**

૧૫ વર્ષથી નીચે પ્રથમ- મીહીર અશોક મોમાયા
દ્વિતીય સતીશ મહેન્દ્ર મૈશેરી

૧૫ વર્ષથી ઉપર પ્રથમ શ્રેયાંસ નિરેન ધુલ્લા
દ્વતીય કલ્પેશ હંસરાજ ઘરશી
તૃતીય જિગેશ નરેન્દ્ર મૈશેરી

**ટેબલ ટેનીસ ડબ્લસ**

૧૫ વર્ષથી નીચે પ્રથમ અર્જુન રાયચંદ નાગાડ
મીહીર અશોક મોમાયા

૧૫ વર્ષથી નીચે દ્વિતીય હેમ કમલેશ ખોના
જય અનીલ ધુલ્લા

**ટેબલ ટેનીસ ડબલ્સ**

૧૫ વર્ષથી ઉપર પ્રથમ રોમીલ ખુશાલ નાગડા
શ્રેયાંસ નીરિન ધુલ્લા
દ્વિતીય ઉજવલ ચાંપશી હેફા
જિગેશ નરેન્દ્ર મૈશેરી

શ્રી મુંબઈ મહાજન, ડોંબિવલી મંડળ અને વિદ્યાર્થીસંઘનાં સંયુક્ત ઉપક્રમે તા.૨૬ અને ૨૭-૧-૧૩ ના નાહુર-સનરુફ ગ્રાઉન્ડમાં વ્યાપારમેળામાં યોજાયેલ "ખેલ કેડીઓ ખેલ-૨૦૧૩' સ્પર્ધાના વિજેતાઓ :

**૧૦૦ મીટર્સ રીલે રેસ**

૧૨-૧૬ વર્ષમાં પ્રથમ અજય વીરેન્દ્ર લોડાયા
દ્વિતીય જિગ્નેશ નાગડા

૧૨-૧૬ વર્ષ બહેનોનાં    પ્રથમ-એકતા ભરત લોડાયા
દ્વિતીય    કરીશ્મા ધનપતી લોડાયા
૧૬-૨૫ વર્ષમાં    પ્રથમ    આદિત્ય મુકેશ ખોના
દ્વિતીય    જિનેન રાહુલ મૈશેરી
૧૫ વર્ષથી ઉપરના પ્રથમ    કલ્પેશ નિરંજન મોમાયા
દ્વિતીય    વિરેન્દ્ર ભવાનજી લોડાયા

**૨૦૦ મીટર રીલે રેસ**

૧૨થી ૧૬ વર્ષના પ્રથમ    અજય વીરેન્દ્ર લોડાયા
દ્વિતીય    જિગ્નેશ કિરીટ નાગડા
૧૨-૧૬ વર્ષના (બહેનો) પ્રથમ    મોનીકા વિજય શાહ
દ્વિતીય    દર્શના ચેતન લોડાયા
૧૭-૨૫ વર્ષના (ભાઈઓ) પ્રથમ    આદીત્ય મુકેશ ખોના
દ્વિતીય    રોમીલ કીરન લોડાયા
૧૭-૨૫ વર્ષ (બહેનો)    પ્રથમ    કીંજલ ધીરેન મૈશેરી
દ્વિતીય    મયુરી ચેતન મોતા
૨૫વર્ષથી ઉપરના પ્રથમ    કલ્પેશ મોમાયા
દ્વિતીય    રિધ્ધિશ છેડા

**સેક રેસ**

૧૨-૧૬ (ભાઈઓ) પ્રથમ    પરીન જિગ્નેશ લોડાયા
દ્વિતીય    યશ વીરેન્દ્ર લોડાયા
(બહેનો)    પ્રથમ    ક્રીના સંજય નાગડા
દ્વિતીય    એકતા ભરત લોડાયા
૧૬-૨૫ વર્ષમાં    પ્રથમ    રોમીલ કરન લોડાયા
દ્વિતીય    અક્ષીત સુભાષ વોરા
૨૫થી ઉપરના    પ્રથમ    પલ્લવી કીરીટ લોડાયા
દ્વિતીય    વીના હીરેન કાયાણી

**૩ લેગ રેસ**

૧૨-૧૬ વર્ષ માં    પ્રથમ    પરીન જિગ્નેશ લોડાયા
દ્વિતીય    કૌશીક કાયાણી
બીજી જોડી    પ્રથમ    સતીશ મહેન્દ્ર મૈસેરી
દ્વિતીય    જય અનિલ ધુલ્લા
૧૬-૨૫ વર્ષ માં    પ્રથમ    સિધ્ધાર્થ મયુર ખોના
તારક જયેશ ખોના
બીજી જોડી    દ્વિતીય    ઉર્મીન જયેશ લોડાયા
જૈનીશ જયેશ ધરમશી

**૩ લેગ રેસ (મિક્સ)**

૧૬ વર્ષ ઉપરના    પ્રથમ    ઉર્વી નિરેન લોડાયા
મયુરી ચેતન મોતા
બીજી જોડી    દ્વિતીય    ભૈરવી ભરત લોડાયા
વીના હીરેન કાયાણી

**૩ લેગ રેસ (મિક્સ ડબલ)**

૧૬ વર્ષના ઉપરના પ્રથમ    પરીન જિગ્નેશ લોડાયા
વીના હીરેન કાયાની
દ્વિતીય    હીરલ મયુર ખોના
સિધ્ધાર્થ મયુર ખોના

**લિંબુ-ચમચી**

૧૨-૧૬ વર્ષ    પ્રથમ    યશ વીરેન્દ્ર લોડાયા
દ્વિતીય    અજય વીરેન્દ્ર લોડાયા
૧૬ વર્ષથી ઉપર બહેનો    પ્રથમ    ક્રીના સંજય નાગડા
દ્વિતીય    વીના હીરેન કાયાણી
૧૬ વર્ષથી ઉપરના ભાઈઓ
પ્રથમ    ઉર્મીલ ધનપતી રતાણી
દ્વિતીય    ભાવિન અરુણ નાગડા
તૃતીય    ઊર્મીન જયેશ લોડાયા

**શૉર્ટ પુટ**

છોકરા    પ્રથમ    જય સુનીલ ખોના
દ્વિતીય    જિગેશ નરેન્દ્ર મૈશેરી
છોકરી    પ્રથમ    પલ્લવી કીર્તી લોડાયા
દ્વિતીય    હીમા દંડ

**બુક બૅલેન્સ**

૧૨ થી ૧૬ વર્ષ
(બહેનો)    પ્રથમ    ક્રીના સંજય નાગડા
દ્વિતીય    દર્શના ચેતન લોડાયા
(ભાઈઓ)    પ્રથમ    પરીન જિગ્નેશ લોડાયા
દ્વિતીય    આદિત્ય રાજેશ મોતા
૧૬થીઉપરના    પ્રથમ    વીના હીરેન કાયાણી
(બહેનો)    દ્વિતીય    પલ્લવી કીર્તી લોડાયા
૧૬થી ઉપરના (ભાઈઓ)
પ્રથમ    રોમીલ કીરણ લોડાયા
દ્વિતીય    ઊર્મીલ ધનપતી રતાણી
(બહેનો)    પ્રથમ    ચાર્મી જયેશ મૈશેરી
દ્વિતીય    નીશા સિધ્ધાર્થ વીકમશી

**પોટૅટો રેસ**

૬-૧૨ વર્ષમાં    પ્રથમ    સ્તુતી છેડા
દ્વિતીય    નીસા સિધ્ધાર્થ વીકમશી
(ભાઈઓ)    પ્રથમ    ધૈર્ય પ્રજ્ઞેન શાહ
દ્વિતીય    ભવ્ય પારસ શાહ
૧૨-૧૬    પ્રથમ    ખુશ્બુ લોડાયા
દ્વિતીય    ડીંપલ જીવાણી

**પોટૅટો રેસ**

૧૨-૧૬ વર્ષમાં    પ્રથમ    અજય વીરેન્દ્ર લોડાયા
(ભાઈઓ)    દ્વિતીય    પરીન જિગ્નેશ લોડાયા

**ચોકલેટ લુટ**

૬-૧૨ વર્ષમાં    પ્રથમ    મીત દંડ
દ્વિતીય    સાગર શાહ
૧૨-૧૬ વર્ષમાં    પ્રથમ    ક્રીના સંજય નાગડા
દ્વિતીય    એકતા ભરત લોડાયા

તા.૨૬-૨૭/૧/૧૩ના વ્યાપાર મેળામાં યોજાયેલ રમતોત્સવ કાર્યક્રમમાં જે વિજેતાઓએ પોતાના ઈનામ લીધા ન હોય તેમણે તા.૧૦-૨-૧૩ના વિદ્યાર્થીસંઘના ગુરૂકુલ સ્કુલ ઘાટકોપરમાં બપોરે ૨.૩૦ વાગે ઉડાન કાર્યક્રમમાં લઈ જવા જણાંવાયું છે. વધુ વિગત માટે સંપર્ક : અનુજ ગિરિશ લોડાયા-૯૫૭૯૭૮૭૮૦૦, તેજલ ખીંરિશ ઘ્રોળ-૮૦૮૦૦૦૫૮૧૭૭

### યોગ, પ્રાકૃતિક, સ્વસ્થ જીવન શૈલી શિબિર

યોગ નિષ્ણાત ગીતાબેન જૈન દ્વારા યોગ, પ્રાકૃતિક, સ્વસ્થ જીવનશૈલી અભિયાન અંતર્ગત આગામી કાર્યક્રમ નીચે મુજબ છે.

તા.૦૭ થી ૧૬/૦૨ ઉમરગામ, ૧૭ થી ૨૬/૨ બી.એ.આર.સી. તારાપૂર, તા.૧ થી ૧૦/૩ ગંજબાસોદા, ૧૫ થી ૨૪ એપ્રિલ ધુલિયા, ૨૯/૪ થી ૮/૫ મોરબી, ૨ થી ૧૧/ ગુના, ૧૨ થી ૨૧ અશોકનગર

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમલનેર મહિલા મંચ

તા.૨૭-૧-૧૩ના શ્રી કરમશી ખેતશી ધુલ્લાની માસિક પુણ્યતિથી નિમિત્તે શ્રી ચાંપશી જેઠાભાઈ લોડાયા તરફથી પાર્શ્વ પંચકલ્યાણક પુજા ભણાવવામાં આવેલ. શ્રી શીતલ મંડળની બહેનોએ પુજામાં સારી રમઝટ જમાવેલ. બાદમાં પરિવાર તરફથી પ્રભાવના આપવામાં આવી.

તા.૧-૨-૧૩ના શ્રી સોમચંદ ભાણજી લાલકાના જન્મદિન ઈનમિત્તે સમુહ સામાઈક અને જાપ રાખવામાં આવેલ અને પ્રભાવના હતી. તા.૧-૨-૧૩ના ચી ખીરીશના લગ્ન નિમિતે શ્રી નવિનચંદ્ર જેઠાભાઈ મૈશેરીના ઘરે મહાકાળી ભાવના ભણાઈ. બહેનોએ રાસ-ગરબાની રમઝટ જમાવેલ.. પરિવાર તરફથી ચૌવિહાગર રાખવામાં આવેલ.. પ્રસાદ લઈ સૌ છુટા પડેલ. તા.૧-૨-૧૩ના માતુશ્રી જયાબેન ગુલાબચંદ ડાઘાના ઘરે સુમુક્ષુ કુ. ઉર્વી વિપુલ ડાઘાની દિક્ષાની અનુમોદનાર્થે મહિલા મંચે સાંજી ગીતો ગાયા.. બાદમાં પરિવાર તરફથી સંઘપુજન અને પ્રભાવના હતી.

### મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ જલગામ

જલગામ મહિલા મંચ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે મહિલાઓના સ્વાસ્થ્ય માટે મેડીકલ કેમ્પ શુક્રવાર તા.૮-૩-૨૦૧૩ના સવારે ૮ થી ૧૧માં યોજેલ છે. આ મેડીકલ કેમ્પ ડો. સુધીર શાહની ક્લીનીક ૐકારેશ્વર મંદિર પાસે, જય નગર, જલગામમાં યોજાશે. આ કેમ્પના દાતા શ્રી રાયચંદ હંસરાજ ઘરમશી (સુથરી-વરલી) છે. આ કેમ્પમાં થાયરોડ, લિપિડ પ્રોફાઈલ, હિમોગ્રામ., બ્લડ સુગર, પેપસ્મીયર, કેલ્શીયમ અને બોન ડેન્સીટી વગેરે તપાસણી કરાશે. જલગામ જિલ્લાની સર્વે જ્ઞાતિ બહેનોને આ કેમ્પનો લાભ લેવા મંચના અધ્યક્ષા સૌ. મોહીનીબેન પ્રવીણ લોડાયાએ અપીલ કરી છે.

નામ નોંધણી માટે સંપર્ક : સૌ. તૃપ્તી કેતન નાગડા-09325584633, સૌ. ભારતી સુશીલ ખોના-09422276348


કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૪૧૩૯૯૫, ૨૨૪૦૨૭૮૬.
E-mail : jyotisse@gmail.com

Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ઠાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ગૌતમ ખેતશી મોમાયા** | શ્રી, પ્લોટ નં.૧૦૧-એ, ગૌશાળા પ્લોટ, પંચવટી, જામનગર-૩૬૧૦૦૨ ફોન : ૦૨૮૮/૨૫૫૬૦૫૫ |
| **રતીલાલ વીશનજી મોતા** | માનબાઈ કેશવજી વાડી, ચાલ નં.૩, રૂમ નં.૨૬, વીલેજ રોડ, ભાંડુપ (વે),મુંબઈ-૭૮. ફોન ૯૭૫૭૨૭૯૯૯૭ |
| **તારક હીરાચંદ પટેલ** | ૧, મુલકડ સોસાયટી, બીલ્ડીંગ ૯, ગવનપાડા, મુલુન્ડ (ઈ), મુંબઈ-૮૧. ફોન: 9820273809, 9920488621 |
| **જયેશ સોમચંદ દંડ** | બી-૧૧૦૩, ફ્લોરેન્ટાઇન હીરાનંદાની ગાર્ડન, પવઈ, મુંબઈ-૪૦૦૦૭૬. ફોન:૨૫૭૯૭૦૧૯/૪૦૫૯૭૦૧૯ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| ગૌતમ ખેતશી મોમાયા-જામનગર | ૯૪૨૬૨૫૭૦૫૦ | લેખાબેન ગૌતમ મોમાયા-જામનગર | ૯૪૨૭૫૭૪૬૯૩ |
| રાયચંદ માણશી પોલડીયા-ડુમરા | ૯૧૬૭૭૨૮૪૧૪ | પ્રતાપસિંહ પદમશી છેડા-માટુંગા | ૨૪૧૨૪૭૨૯ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૧૨-૧૨ | નાશિક | SUDH062503 | કેવલ-તિમિર ચંદ્રકાંત ધરમશી | સુથરી | પુત્ર |
| ૨૮-૧૦-૧૨ | હૈદરાબાદ | VVMO | દેવાંશ-ખુશાલ નરેન્દ્ર મોમાયા | વારાપધર | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧-૩-૧૩ | મોટીખાવડી | KBLO090503 | વિશાલ દિલીપ છગનલાલ લોડાયા | મોટીખાવડી | ૨૬ |
| | ભરૂડીયા | BHDU051104 | અંકીતા જગદીશ જેઠાલાલ ઘુલ્લા | ભરુડીયા | ૧૯ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩-૨-૧૩ | વાશી | RPMT041504 | મીતકુમાર મહેન્દ્ર હંસરાજ મોતા | રાપરગઢ | ૨૩ |
| | ભાંડુપ | A | હરીતા પ્રકાશકુમાર રેવાશંકર ખીરા | વરલી અમર | ૨૨ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૨-૧૩ | પાચોરા | PRNG101002 | ભૌમિક ચંદ્રકાંત દામજી નાગડા | પરજાઉ | ૨૫ |
| | વિક્રોલી | SUMT030963 | મીતાલી દિનેશ વીશનજી મોતા | સુથરી | ૨૩ |
| ૨૭-૧૨-૧૨ | ટીટવાલા | NLNG220303 | રાહુલ ટોકરશી પદમશી નાગડા (ધુમ) | નલીયા | ૨૯ |
| | કોઇમ્બતુર | SIMO031003 | ભૈરવી અશોક મેઘજી મોમાયા | સાંયરા | ૨૭ |
| ૧૯-૧-૧૩ | બોરીવલી | KRKN010503 | મિલીંદ યોગેન્દ્ર વેલજી ખોના | કોઠારા | ૩૨ |
| | ડોંબિવલી | TRNG010903 | કુંતલ મહેન્દ્ર કલ્યાણજી નાગડા | તેરા | ૨૮ |
| ૧૯-૧-૧૩ | ખિરકીયા | LLNG0103903 | તેજસ રૂપચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૯ |
| | ડોંડાઇચા | VVLO1000204 | ફાલ્ગુની કીર્તિ વિરચંદ લોડાયા | વારાપધર | ૨૬ |
| | નાગપુર | NILO090403 | પારસ હરીશ પદમશી લોડાયા | નલીયા | ૨૭ |
| | હુબલી | NLNG112803 | દર્શના કિરણ માણેકજી નાગડા | નલીયા | ૨૭ |
| ૧૯-૧-૧૩ | મુલુંડ | PRVK030103 | ડોલર કાંતિલાલ લખમશી વિકમશી | પરજાઉ | ૨૭ |
| | ડોંબિવલી | SUCD011004 | હીરલ ખુશાલ વીશનજી છેડા | સુથરી | ૨૭ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯-૧-૧૩ | ખિરકીયા | LLNG104003 | અરૂણ હેમચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૬ |
| | ઈંદોર | A | પુજા તોરણસિંહ ક્રીષ્ણમુરલી સિંહ રાણા | મથુરા | ૨૪ |
| ૧૮-૧-૧૩ | વડોદરા | A | જુગલ વિપુલ ઠક્કર | ગોલડી | ૨૩ |
| | વડોદરા | SILO050803 | ચાર્મી પિયુષ પદમશી લોડાયા | સાંયરા | ૨૧ |
| ૧૯-૧-૧૩ | મુલુંડ | A | હિતેષ સુનિલ ઠક્કર (હેમાણી) | વિંઝાણ | ૨૫ |
| | કાંજુરમાર્ગ | VRLO030404 | મિનાક્ષી પ્રતાપ મુલજી લોડાયા (પીર) | વરાડીયા | ૨૫ |
| ૫-૨-૧૩ | ડોંબિવલી | SMLO030404 | હેમાંગ ભરત ભવાનજી લોડાયા | મોટીસિંધોડી | ૨૩ |
| | ડોંબિવલી | A | જેમીની નવીનચંદ્ર પાલન ગડા | મોટાલાયજા | ૨૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-૨-૧૩ | અંકલેશ્વર | NLNG560102 | લીલાવતી મહેન્દ્ર ટોકરશી નાગડા | નલીયા | ૭૩ |
| ૫-૨-૧૩ | ધમતરી | SDLO080101 | કરમશી રતનશી શામજી લોડાયા | સાંધવ | ૧૦૧ |
| ૬-૨-૧૩ | ડોંબિવલી | DALO011104 | દિનેશ શામજી ગોવિંદજી લોડાયા | દલતુંગી | ૫૮ |

# સાંયરા વિકાસ મંડળ આયોજીત ૧૬મા સાંયરા સ્નેહમિલનની ઝલક


શ્રી ભરત દનાનીનું ઉદ્‌બોધન


માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયાનું બહુમાન


માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા પરિવાર


મા.માણીબાઈનું પરિચય આપતા
શ્રી ચંદ્રકાંત હીરજી ખોના (વડોદરા)


શ્રી લીલાધર નરશી મોમાયા અતિથીગૃહ મહાજનશ્રીને અર્પણ વિધિ


સર્વશ્રી દામજીભાઈ, વિજયભાઈ, ગીરીશભાઈ અને રાજેન્દ્રભાઈનું
બહુમાન કરતા મહાજનના અગ્રણીઓ


સંસ્થાપક પ્રમુખશ્રી
મધુકર શાહનું ઉદ્‌બોધન


કાર્યક્રમ સહયોગી દાતા મા.સોનબાઈ મુળજી પટેલ પરિવારનું
બહુમાન કરતાં શ્રી ભરત દનાની અને શ્રી શાંતિલાલ લોડાયા


ઈનામ વિતરણનું દાતા સૌ. ચેતનાબેન અને
શ્રી બિપીન મોમાયાનું બહુમાન


મા. દમયંતીબેન રતનશી લોડાયા પરિવારનું બહુમાન


ટ્રસ્ટનું અહેવાલ વાંચતા
શ્રીમતી લીલુબેન વિનોદ મોમાયા



સાંયરા દેરાસરની ધજાનો ચડાવો બોલતા
શ્રી વાલજીભાઈ ખોના અને શ્રી ઉત્તમભાઈ મોમાયા


સાંયરા સહિયરનો અહેવાલ આપતા
શ્રીમતી વૈશાલી વિજય ધરમશી


મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાનું
સ્વાગત શ્રી ભદ્રેશ પટેલ


શ્રી નયનભાઈ અને ચેતન મોતા દ્વારા ભદ્રેશભાઈનું બહુમાન


સભાને સંબોધન કરતાં શ્રી નયનભાઈ ભેદા


પ્રમુખ શ્રી બિપીન લક્ષ્મીચંદ મોમાયા દ્વારા આભાર દર્શન


સફળતાની સ્મિત મુદ્રામાં સૌ. રાજુલબેન અને ભદ્રેશભાઈ


ડાન્સ, મસ્તી અને મ્યુઝીકમાં તરબોળ સાંયરા સેનેટ


શ્રી ભરત દનાની સમસ્ત પરિવાર

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ડોક્ટર થવા બદ્દલ અભિનંદન



## સ્પેશિયાલીસ્ટ થવાની શુભકામના

ડોક્ટર થયા હવે સ્પેશિયાલીસ્ટ થજો.
સ્વજનોને ખુશી આપતા રહેજો.
શુભકામનાસહ અભિનંદન કે
તમારી બધી મનોકમના પૂર્ણ થજો.

## ડૉ. યશ જયંત છેડા

એમ.બી.બી.એસ.

શુભેચ્છક

જસ્મીનબેન જયંત છેડા, કેતકી દીપેશ ડાઘા તેમજ
લક્ષ્મીબેન વીસનજી હીરજી છેડા પરીવાર
પ્રેમીલાબેન પદમશી ટોકરશી ખોના પરીવાર
મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરીવાર

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**